ભારત સરકારના
મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હી
અનુદાનિત
મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર તથા
જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરીના માર્ગદર્શન હેઠળ

# તૃતિય વાર્ષિક અહેવાલ

## વર્ષ – ૨૦૨૦–૨૧

# ‘સખી’ વન સ્ટોપ સેન્ટર


GMERS મેડીકલ હોસ્પિટલ, પહેલો માળ,
મુ. ધારપુર, તા.જી.પાટણ (ગુજરાત)
ફોન નં :– (૦૨૭૬૬) ૨૬૫૫૧૦ મો.૯૭૨૩૯૮૧૩૨૦
ઈ મેઈલ આઈ. ડી. onestop.patan@gmail.com


સંચાલન

## શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ, પાટણ

# અનુક્રમણિકા


| અનુ.નંબર | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૦૧ | **વિવિધ અધિકારીઓનો શુભેચ્છા સંદેશ** | |
| ૧.૧ | સંસ્થાના પ્રમુખશ્રીનો શુભેચ્છા સંદેશ | ૦૪ |
| ૧.૨ | વિવિધ વિભાગોના અધિકારીઓના શુભેચ્છા સંદેશ | ૦૫ |
| ૧.૩ | સ્ટાફના અનુભવો | ૧૦ |
| ૧.૪ | અરજદારના અનુભવો | ૧૧ |
| ૦૨ | **પ્રસ્તાવના** | ૧૨ |
| ૦૩ | **પાટણ જિલ્લા વિશે માહિતી** | ૧૩ |
| ૦૪ | **સંસ્થા વિશેની ટૂંકમાં માહિતી** | ૧૪ |
| ૦૫ | **"સખી" વન સ્ટોપ સેન્ટર વિશે માહિતી** | ૧૫ |
| ૫.૧ | સેન્ટરના ઉદ્દેશો (હેતુઓ) | ૧૫ |
| ૫.૨ | સેન્ટરની રૂપરેખા | ૧૫ |
| ૫.૩ | સેન્ટરનું કાર્ય સ્થળ | ૧૫ |
| ૫.૪ | સેન્ટરમાં કોને-કોને લાભ મળી શકે | ૧૫ |
| ૫.૫ | સેન્ટર દ્વારા અપાતી સેવાઓ | ૧૬ |
| ૫.૬ | "સખી" વન સ્ટોપ સેન્ટર દ્વારા અન્ય વિભાગો સાથે સંકલન | ૧૯ |
| ૫.૭ | સેન્ટરમાં થતી કામગીરી | ૨૦ |
| ૫.૮ | "સખી" વન સ્ટોપ સન્ટરનું માળખું | ૨૧ |
| ૫.૯ | જીલ્લા કક્ષાની મોનીટરીંગ કમિટી | ૨૧ |
| ૦૬ | **સેન્ટર પર આવેલ કેસોની આંકડાકિય માહિતી** | ૨૨ |
| ૦૭ | **સેન્ટર દ્વારા વિવિધ સ્તરે જાગૃત્તિ શિબિરનું આયોજન** | ૨૫ |
| ૭.૧ | મહિલા જાગૃતિ શિબિર | ૨૫ |
| ૭.૨ | સંસ્થા દ્વારા સ્ટેક હોલ્ડર એડ્વોકેસી સેમિનાર | ૨૭ |
| ૭.૩ | યોજનાકીય કેલેન્ડર અને બેગ વિતરણ | ૨૮ |
| ૭.૪ | OSC યોજના ઓફીસ ટેબલ ઘડીયાળ વિતરણ દ્વારા પ્રચાર-પ્રસાર | ૨૯ |
| ૭.૫ | મહિલા પખવાડીયા ઉજવણી | ૩૦ |
| ૦૮ | **સ્ટાફ ટ્રેનિંગ** | ૩૧ |
| ૮.૧ | NICPPED દ્વારા યોજાએલ ઓનલાઇન તાલીમ | ૩૧ |
| ૮.૨ | જેન્ડર રિસોર્સ સેન્ટર (GRC) આયોજીત તાલીમ | ૩૨ |

| | | |
|---|---|---|
| ૮.૩ | જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, પાટણ આયોજીત તાલીમ | ૩૩ |
| ૮.૪ | મહિલા અને બાળ મંત્રાલય, નવી દિલ્હી આયોજીત તાલીમ | ૩૪ |
| ૦૯ | **કોરોનાકાળમાં કરેલ કામગીરીની વિગત** | ૩૫ |
| ૯.૧ | માઇગ્રન્ટ વર્કરોની મુલાકાત | ૩૫ |
| ૯.૨ | માસ્ક/સેનેટાઇઝર વિતરણ | ૩૬ |
| ૯.૩ | માઇક્રો કન્ટેન્ટમેન્ટ ઝોનની મુલાકાત | ૩૭ |
| ૯.૪ | કોરોના ટેસ્ટીંગમા સહ ભાગીદારી | ૩૭ |
| ૯.૫ | સેન્ટર સેનેટાઇઝેશન | ૩૭ |
| ૯.૬ | સ્ટાફને કોરોના વોરિયર્સ શિલ્ડ અને લીગલ એડ્વોકેટને પ્રમાણપત્ર એનાયત | ૩૮ |
| ૧૦ | **સેન્ટર પર યોજાએલ સ્ટાફ મીટીંગ** | ૩૯ |
| ૧૧ | **OSC ની અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ વિઝીટની માહિતી** | ૪૦ |
| ૧૧.૧ | મહિલા અને બાળ અધિકારી દ્વારા કરવામાં આવેલ મુલાકાત | ૪૦ |
| ૧૧.૨ | દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી દ્વારા કરવામાં આવેલ મુલાકાત | ૪૦ |
| ૧૧.૩ | જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી ઠક્કર સાહેબ દ્વારા કરવામાં આવેલ મુલાકાત | ૪૧ |
| ૧૧.૪ | જેન્ડર રિસોર્સ સેન્ટરના બીજલબેન દ્વારા કરવામાં આવેલ મુલાકાત | ૪૧ |
| ૧૧.૫ | વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ મુલાકાત | ૪૨ |
| ૧૨ | **OSC માં મળેલ ભેટ** | ૪૩ |
| ૧૩ | **સેન્ટર દ્વારા બનાવવામાં આવેલ હોર્ડીંગ્સ અને આઇ.ઇ.સી.** | ૪૪ |
| ૧૪ | **પ્રેસનોટ (પેપર કટીંગ)** | ૪૬ |
| ૧૫ | **સફળગાથા** | ૪૮ |
| ૧૬ | **મહિલાઓની હિતકારક કલમો અને ગુના સુચિ** | ૫૨ |
| ૧૭ | **સેન્ટર સાથે સંકળાયેલ કચેરીઓ** | ૫૩ |

An ISO N.G.O.

# Shri Brahma Samaj Seva Trust

National Trust, New Delhi

HELPING HAND

Registration No. : F 1673/Mehsana Dt. 21-5-97

Ref. No. Date :

## શુભેચ્છા સંદેશ



અમારી સંસ્થા દ્વારા છેલ્લા ૨૪ વર્ષથી સરકારના વિવિધ વિભાગના પ્રોજેક્ટો ચલાવવામાં આવે છે. જેમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા પણ અલગ-અલગ પ્રોજેક્ટો ચલાવવામાં આવે છે. પરંતુ આ એક એવી યોજના છે જેમાં હિંસાથી પીડિત મહિલાઓ માટે એક જ છત્ર છાયા હેઠળ પાંચ પ્રકારની સેવાઓ જેવી કે તબીબી સહાય, કાયદાકીય સહાય, પોલીસ સહાય, મનોવૈજ્ઞાનિક કાઉન્સેલિંગ તથા હંગામી ધોરણે ૫ દિવસ માટે આશ્રય જેવી સુવિધાઓ પૂરી પડવામાં આપવામાં આવે છે.જે સરકારની ખુબજ સુંદર યોજના છે. આ "સખી" યોજના અમારી સંસ્થા દ્વારા ગુજરાત રાજ્યમાં ત્રણ જીલ્લા પાટણ, ભરૂચ અને દાહોદ જીલ્લામાં કાર્યરત છે.

સદર સેન્ટરમાં હિંસાથી પીડિત મહિલાઓને આશ્રય આપી કાઉન્સેલિંગ કરી એક વિખરાયેલ (પરિવાર) માળાને બચાવવાનો પ્રયત્ન થાય છે. તથા ઘર વિહોણા માનસિક અસ્થિર બહેનોને મંદબુધ્ધી આશ્રમમાં આશ્રય અપાવવામાં આવે છે. અને ઘણી બહેનો કે જેઓનું પરિવારમાં કોઇ જ નથી અને લાયકાત ધરાવે છે તેવી બહેનોને સંસ્થા દ્વારા રોજગારી પૂરી પાડવામાં આવે છે.તથા સંગોજોવસાત પાંચ દિવસના આશ્રય દરમિયાન કેસનું નિરાકરણ ના આવે તો તેવા કેસને લાંબા ગાળાના આશ્રયની જરૂર જણાય તો સંસ્થા દ્વારા પાટણમાં ચાલતા "સ્વધાર ગૃહ"માં રીફર કરવામાં આવે છે.અને ત્યાં OSC અને સ્વધાર ગૃહ યોજનાનાં સહિયારા પ્રયત્નથી કેસોના સમાધાનની પ્રક્રિયા હાથ ધરાય છે.

આમ, આ સેન્ટર દ્વારા પાટણ જીલ્લા ખાતે નિરંતર પોતાની સેવાઓ પૂરી પાડતું રહે તેવી શુચેચ્છા.....

લિ.

Shri Brahma Samaj Seva Trust Regd.No. F-724 / Patan

President
Shri Brahma Samaj Seva Trust
Patan

**H.O. Mehsana** : F-12, Rajendra Estate, Opp. Gayatri Mandir, Mehsana. Ph. (02762) 233778, Mob. : 98242 22480 Email : bsstmehasana@yahoo.com, web. : www.bsst-india.org

**Branch :**

**Patan - 1** : 402, Sapana Appartment, Adarsh High School Road, Near S.T. Stand, PATAN. Ph. 02766 221401, Fax : 02766 221401, Email : bsst.naresh@gmail.com

**Patan - 2** : Opp. Old Post Office, Rajkawado, Patan. Ph. (02766) 232300, Email : swadharpatan@gmail.com

**Patan - 3** : 1st Floor, Dharpur Medical Collage, Dharpur, Patan. Ph. (02766) 265510, Email : onestop.patan@gmail.com

**Ahmedabad** : 47 - Satyam Acrade, Near- Samdev Hospital, Moraiya Cross Road, Moraiya, Ahmedabad. Email : bsstahmedabad@yahoo.com

**Bharuch** : Near OT, Civil Hospital, Bharuch. Email : osc.bharuch@gmail.com, Ph. (02642) 267602

**Dahod** : 1st Floor, Technical School, Near Government Rest House, Dahod.

## ❖ વિવિધ વિભાગોના અધિકારીઓના અનુભવો :-

### શુભેચ્છા સંદેશ




મહિલા અને બાળ વિકાસ વિભાગ,ગુજરાત રાજ્ય, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ તથા જીલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી, પાટણના દેખરેખ હેઠળ પાટણ જીલ્લા ખાતે ચાલતા “સખી” વન સ્ટોપ સેન્ટર જેનું સંચાલન શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે. સદર સેન્ટર તારીખ-૦૧/૦૮/૨૦૧૮ થી શરૂ કરવામાં આવેલ છે. અને હાલમાં સેન્ટરમાં કુલ- ૪૯૩ કેસ આવેલ છે. જેમાંથી ૪૬૭ કેસોને સેન્ટર દ્વારા વિવિધ સહાય આપી સમાધાનની પ્રક્રિયા કરવામાં આવી છે. સદર સેન્ટરમાં વિવિધ સેવાઓ આપવામં આવે છે.જેમાં મનોવૈજ્ઞાનિક કાઉન્સેલિંગ, તબીબી સહાય, પોલીસ સહાય, કાયદાકીય સહાય અને હંગામી ધોરણે આશ્રય (૫ દિવસ માટે) વગેરે પ્રકારની ઉત્તમ સેવાઓ આપવામાં આવે છે.

અમારા ૧૮૧ મહિલા હેલ્પ લાઈનમાં જે તે સ્થળ પઈ જઈ સમાધાનની પ્રક્રિયા કરવામાં આવે છે. અમુક કેસોમાં જો બહેનોને આશ્રયની જરૂરીયાત કે અન્ય સેવાઓની જરૂરીઆત જણાય તો તેવા કેસોને “સખી” વન સ્ટોપ સેન્ટર પાટણમાં રીફર કરી સેવા પૂરી પાડવામા આવે છે. અમારા થકી સદર સેન્ટર પર આજ દીન સુધી ૧૦૧ બહેનોને રીફર કરવામાં આવેલ છે.જે બહેનોને આ સેન્ટરના સ્ટાફ દ્વારા જરૂરી સેવાઓ પૂરી પાડી સમાધાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

આમ, સરકાર દ્વારા બહેનો માટેની એક ખૂબ જ સુંદર યોજના છે.જેમાં બહેનોને તમામ પ્રકારનીસહાય એક જ સ્થળે મળી રહે છે. આ યોજના શરૂ થયેથી પાટણ જીલ્લાની હિંસાથી પીડિત મહિલાઓને આવી સેવાઓનો લાભ લે છે.

સદર સેન્ટર ભવિષ્યમાં પણ ખૂબ સારી સેવાઓ પૂરી પાડે બે બદલ શુભેચ્છા...

લિ.

Kamini

૧૮૧ અભયમ કાઉન્સેલર

કામિનીબેન સોલંકી

મહિલા અને બાળ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

सत्यमेव जयते
ગુજરાત સરકાર

# પોલીસ સ્ટેશન બેઇઝડ સપોર્ટ સેન્ટર

## (મહિલા સહાયતા કેન્દ્ર)

પોલીસ અધિક્ષકની કચેરી, સિધ્ધપુર ચાર રસ્તા, ડિસ્ટ્રીક્ટ કોર્ટની બાજુમાં,તા.પાટણ, જી.પાટણ. પીન નં- ૩૮૪૨૬૫
ફોન નંબરઃ ૦૨૭૬૬-૨૨૦૦૩૦

---

## શુભેચ્છા સંદેશ

મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ તેમજ જીલ્લા કક્ષાએથી મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરીના દેખરેખ હેઠળ પાટણ જીલ્લા ખાતે ચાલતા 'સખી' વન સ્ટોપ સેન્ટર,પાટણ જેનું સંચાલન શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ કરવામાં આવે છે. આ સેન્ટર તરફથી કાઉન્સેલીગ, તબીબી સહાય, કાયદાકીય સહાય,પોલીસ સહાય તેમજ હંગામી ધોરણે આશ્રય વગેરે ઉત્તમ પ્રકારની સેવાઓ આપવામાં આવે છે.

પોલીસ સ્ટેશન બેઇઝડ સપોર્ટ સેન્ટરમાં એક વયોવૃધ્ધ મહિલાની અરજી આવેલ હતી જેમાં આશ્રયની જરૂરીયાત હોવાથી બહેનને 'સખી' વન સ્ટોપ સેન્ટરમાં રીફર કરવામાં આવેલા હતા. આ બહેન ને સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા ખુબજ ઉત્તમ પ્રકારની સેવા પુરી પાડવામાં આવી. અને તેમને તેમના વતન મહારાષ્ટ્રમાં હેમખેમ મોકલવામાં આવ્યા. આમ આ સેન્ટર દ્વારા ખુબ જ પ્રશંસનીય કામગીરી કરવામાં આવે છે.

આવનારા દિવસોમા પણ પિડીત મહિલાઓને આવી ઉત્તમ પ્રકારની સેવાનો લાભ મળી રહે તથા સેન્ટર ખુબ સારી સેવાઓ પરી પાડે તે બદલ શુભેચ્છા.

લિ.
કાઉન્સેલર
Police Station Based Support Centre
Patan

# શુભેચ્છા સંદેશ



મહિલા અને બાળ વિકાસ વિભાગ, પાટણ અને શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત "સખી" વન સ્ટોપ સેન્ટર, GMERS મેડીકલ હોસ્પિટલ, મુ.- ધારપુર તા.જી.-પાટણ ખાતે ૨૪ કલાક કાર્યરત છે. આ સેન્ટર દ્વારા જિલ્લાની ઉત્પીડન પામેલ મહિલાઓ માટે હંગામી ધોરણે પાંચ દિવસ માટે આશ્રય, કાયદાકીય સલાહ અને માર્ગદર્શન, પોલીસ સહાય તથા પરામર્શન જેવી મદદ એક જ સ્થળે મળી રહે તે હેતુથી કાર્યરત કરવામાં આવેલ છે. સેન્ટરની મુલાકાત દરમ્યાન જીલ્લાની ઉત્પીડન પામેલ મહિલાઓને સંપૂર્ણપણે અને ઉમદા સેવા પુરી પાડ્યાનું જણાઇ આવેલ છે. સેન્ટર દ્વારા અન્ય સંલગ્ન કચેરીઓના સાથેની સંવાદ કામગીરી તેમજ માહિતી વ્યવસ્થાપનની કામગીરી અત્રેની કચેરીના સંકલનમાં યોગ્ય રીતે કરવામં આવે છે તથા આ સેન્ટરમાં આવતી ઘણી મહિલાઓને મદદરૂપ થવાનું સૌભાગ્ય મળે છે. સરકારશ્રીના "સખી" વન સ્ટોપ સેન્ટરના હેતુઓ બર આવેલ છે.. તે રીતે આગામી સમયમાં પણ જીલ્લાની ઉત્પીડીત મહિલાઓને માર્ગદર્શન અને સેવાઓ આ સેન્ટર પુરી પાડતુ રહે તેવી શુભેચ્છાઓ સહ......

લિ.

મોનાભાઈ રઘુભાઈ રબારી
પોલીસ હેડ કોન્સ્ટેબલ
ધારપુર સિવિલ પોલીસ ચોકી,
બાલીસણા પોલીસ સ્ટેશન,
જી.-પાટણ

# શુભેચ્છા સંદેશ

કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ કચેરી ગાંધીનગર અનુદાનિત

**ભગિની સમાજ-કનસડા દરવાજા, પાટણ**

રજી. નં. ઈ-૫૯૧/પાટણ **સંચાલિત**

**જીલ્લા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર, પાટણ**

કનસડા દરવાજા બહાર,
કાળકા રોડ, પાટણ (ઉ.ગુ.)
પાટણ - ૩૮૪૨૬૫
☎ : ૨૨૦૨૪૮
હેલ્પ લાઇન નં. : ૨૨૧૩૦૦

તારીખ : ૨૯/૪/૨૦૨૧

Ref. No. ____________

**❖ સંસ્થાની પ્રવૃત્તિઓ ❖**

- ✱ કુટુંબ સલાહ કેન્દ્ર
- ✱ ખીચડી ઘર
- ✱ શિવણ-ભરત વર્ગો
- ✱ નારી વિકાસ ગૃહ

❖❖❖❖

- ✱ કમીશ્નરશ્રી મહિલા બાળ વિકાસ કચેરીની પ્રવૃત્તિઓ
- ✱ જીલ્લા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો પાટણ-ચાણસ્મા
- ✱ મહિલા સહકારી મંડળીઓ
- ✱ મહિલા વિકાસની અન્ય પ્રવૃત્તિઓ
- ✱ એન.એ.સી.પી III પ્રોજેક્ટ
- ✱ મહિલા પુસ્તકાલયો
- ✱ મહિલા તાલીમ શિબિરો

અભિપ્રાય

વર્તમાન સમયમાં કોરોના મહામારી ના કારણે નાના-મોટા ઉદ્યોગ ધંધા ઠપ થઈ રહ્યા છે. આ કપરી પરિસ્થિતીમાં એક ગૃહિણી ને ઘર ચલાવવું મુશ્કેલ બની રહેલ છે.

જેના કારણે આર્થિક સંકડામણ નો ભોગ મહિલા બને છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ - ગુજરાત રાજ્ય દ્વારા પિડીત બહેનો ના રક્ષણાર્થે આ વન સ્ટોપ સેન્ટર ની રચના કરવામાં આવેલ છે.

પાટણ જીલ્લા માં ધારપુર મુકામે આવેલ વન સ્ટોપ સેન્ટર માં જિલ્લા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર - ભગિનીસમાજ - પાટણ દ્વારા અવાર નવાર પિડીત બહેનો ને આશ્રય અપાવવા માં આવેલ છે.

તેમના સક્રિય સ્ટાફ દ્વારા પિડીત બહેનો ની પુરતી કાળજી અને રક્ષણ પુરૂ પાડવામાં આવે છે.

જેમાં વિશેષ કરીને એડવોકેટ [illegible] દ્વારા સંપૂર્ણ કાયદાકીય માર્ગદર્શન દ્વારા પ્રશ્ન નું નિરાકરણ કરવામાં આવે છે.

મહિલા કલ્યાણ ની સુંદર કામગીરી બદલ આભાર

હેમા મજમુદાર
કો.- ઓર્ડીનેટર
જિલ્લા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર
ભગિની સમાજ, કનસડા દરવાજા, પાટણ

**ભગિની સમાજ પાટણની ઘરેલું હિંસા ધારા-૨૦૦૫ અંતર્ગત સર્વિસ પ્રોવાઈડર તરીકે નિમણુંક કરવામાં આવેલ છે.**

જીલ્લા વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રમાં યુવતીઓને-મહિલાઓને વ્યવસાય, રોજગારી અને તે અંગેની તાલીમ મેળવવા માટેની તેમજ મફત કાનુની માર્ગદર્શન આમ તમામ માહિતી ઉપલબ્ધ થશે.

## શુભેચ્છા સંદેશ

મંદ બુદ્ધિની વ્યક્તિ પરમાત્માનું બાળક છે.

# જયઅંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટ

ટ્રસ્ટ રજી. નં. [illegible] / અરવલ્લી / [illegible]

નારાયણ માર્બલ પાસે, વાત્રક રોડ, બાયડ, જિ. અરવલ્લી (ગુજરાત)-૩૮૩૩૨૫

Email : jayambemr@gmail.com • Website : www.jayambetrustbayad.org • M : 9426036449, 9428483287 (O) 6351921340

A/C No. 240510110007124 • BANK OF INDIA • IFSC CODE : BKID0002405

Exemption U/S 80G(5)(VI) of IT ACT 1961 • Order No. [illegible]

શુભેચ્છા સંદેશ. Date : 05/05/2021.

GMERS મેડિકલ હોસ્પિટલ, ધારપુર - પાટણમાં તારીખ - 09/08/2018 ના રોજ "સખી" વન સ્ટોપ સેન્ટરનું ઉદ્ઘાટન થયું હતું. જેમાં હિંસાથી પીડિત મહિલાઓને તમામ પ્રકારના સમાધાન માટે આ સેન્ટર સરકાર દ્વારા ખુલ્લુ મુકાયુ છે. આ સેન્ટરમાં પીડિત મહિલાઓને હંગામી ધોરણે પાંચ દિવસ સુધી રહેવાની, જમવાની તેમજ કપડાં સુધીની તમામ વ્યવસ્થા આ સેન્ટર દ્વારા ઉપલબ્ધ કરાવે છે. જેમાં મહિલાઓને કાયદાકીય સહાય, તબીબી સહાય, પોલીસ સહાય, કાઉન્સેલિંગ, માર્ગદર્શન અને હંગામી ધોરણે પાંચ દિવસ માટે આશ્રય જેવી તમામ જરૂરી સુવિધાઓ આપે છે. અત્યાર સુધી મહિલાઓ માટે કોઈપણ સેન્ટરમાં આવી સુવિધાઓ ઉપલબ્ધ ન હતી. જેને લઈને પીડિત મહિલાઓને મહિલા અભયમ - 181 ની ટીમ દ્વારા કાઉન્સેલિંગ કરી સમાધાન કરાય છે. જો કે તેમાં પણ પોલીસ ફરીયાદ કરવાની પણ નોબત આવતી હતી. જો કે આ સેન્ટર ખુલ્લુ મુકાતા પીડિત મહિલાઓને પાંચ દિવસ સુધી "સખી" વન સ્ટોપ સેન્ટર દ્વારા કાઉન્સેલિંગ કરી સમાધાનની પ્રક્રિયા હાથ ધરાય છે. જેને લઈને આ સેન્ટર પીડિત મહિલાઓ માટે આશીર્વાદરૂપ બની રહ્યુ છે. આ સેન્ટર નુ સંચાલન "શ્રી મહાસમાજ સેવા ટ્રસ્ટ" દ્વારા કરવામાં આવે છે.

"સખી વન સ્ટોપ સેન્ટર, પાટણ દ્વારા અમારા આશ્રમમાં સૌ ને કુલ 5-6 માનસિક અસ્થિર બહેનોને આશ્રય આપવામાં આવ્યો છે.

"સખી" વન સ્ટોપ સેન્ટર પાટણ દ્વારા જુદા જુદા પ્રકારે પીડિત મહિલાઓને પોતાની સેવાઓ પૂરી પાડતી રહે તેવી સરાહનીય કામગીરી માટે તેમનો ખુબ-ખુબ આભાર અને શુભકામના!....

A.G.P. S. [illegible]

# "સખી" વન સ્ટોપ સેન્ટર

## સ્ટાફના અનુભવો :-



ચેતનાબેન પટેલ
(MSW+LLB)

હું ચેતનાબેન જી.પટેલ મહિલાઓની યોજનામાં કુલ ૨૦ વર્ષનો અનુભવ ધરાવું છું. જેમાં અગાઉની યોજનાઓમાં મહિલાઓને સહાય માટે અલગ-અલગ વિભાગોમાં જવું પડતું હતું. પરંતુ આ "સખી" યોજનામાં તમામ પ્રકારની સહાય એકજ છત્ર હેઠળ મળતી હોવાથી અરજદારની સાથે એક **"સખી"** બની પૂરતી મદદ આપવાનો એક સંતોષ અનુભવાય છે.

આજના સમયમાં મહિલાઓ ઉપર થતા અન્યાય સામે અવાજ ઉઠાવવાની એક ઉમદા તક મળી છે. તેમજ મહિલાઓ ઉપર થતા અન્યાય સામે લડવા તેમને હિંમતવાન બનાવવાની તક મળી અને "તે બદલ મારી આ સેવાકિય પ્રવૃતિ કરવાનો મને ગર્વ છે.



ઉર્મિલાબેન સાધુ
(M.A.+LLB+B.Ed)

હું ઉર્મિલાબેન કે. સાધુ વિવિધ સંસ્થાઓ દ્વારા છેલ્લા ૧૮વર્ષથી હિંસાથી પિડીત બહેનો સાથે કામ કરી રહી છું. પાટણ જીલ્લામાં જ્યારે કોઈ સામાજીક, કૌટુંબિક હિંસાથી પિડીતા આવે ત્યારે તેના માટે કોઈ આશ્રય સ્થાન ન હતું. જ્યાં તે પોતાના મનની વાત કોઈપણ પ્રકારના ડર વગર કહી શકે. તેથી આવી બહેનો આત્મહત્યા કરવા તરફ પ્રેરાતિ હતી. જ્યારથી "સખી" વન સ્ટોપ સેન્ટર, ધારપુર મેડીકલ હોસ્પીટલ ખાતે કાર્યરત થયું છે.ત્યારથી આ સેન્ટરમાં બહેનોને તમામ પ્રકારની સહાય મળી રહેતી હોઈ તેમજ આ સેન્ટરમાં તેમની સાથે હંગામી ધોરણે પાંચ દિવસ રહેવાની તેમજ ખાવા-પીવાની તમામ સગવડ હોઈ તેમનું કાઉન્સીલીંગ કરી તેમને સમજાવવાનો મોકો મળી રહે છે.તેમજ માનસિક અસ્થિર, નિરાધાર બહેનોને પણ મદદ કરવાનો મને આનંદ છે. આ સેન્ટરો દ્વારા શરૂ કરવામાં જેને જેને પોતાનું યોગદાન આપ્યું છે તેવા તમામ મહાનુભાવો અને મને આ સેન્ટરમાં કામ કરવા માટેની તક આપનાર તમામ અધિકારીશ્રીઓનો તેમજ શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટનો હું ખૂબજ દિલથી આભાર વ્યક્ત કરૂ છું. ખરેખર સાચા અર્થમાં "સખી" વન સ્ટોપ સેન્ટર બહેનો માટે આશીર્વાદ સમાન બની રહ્યું છે. હું આશા રાખું છું કે આ સેન્ટરો દ્વારા મહિલાઓને ન્યાય મળી રહે તે માટે કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર કટીબધ્ધ છે અને તેને આગળ ધપાવવા માટે સતત પ્રયત્નશીલ રહેશે.



લક્ષ્મીબેન પંચાલ
(M.A(Psy.)+LLM)

હું લક્ષ્મીબેન એચ.પંચાલ મારા ૦૭ વર્ષના અનુભવમાં અને મારા કાયદાના કોલેજકાળના અભ્યાસ દરમિયાન મહિલાઓ ઉપર થતાં અત્યાચાર તેમજ જાતિય સતામણીના પ્રશ્નો જોઈ મહિલાઓ ઉપર થતાં અત્યાચાર અને અન્યાય સામે લડવા માટે એક સેવાકીય પ્રવૃતિ કરવા માટે જિજ્ઞાશા થયેલ. તેમજ કેટલીક ઘર વિહોણી અને માનસિક અસ્થિર બહેનોને મંદબુધ્ધી આશ્રમમાં એક આશ્રય અપાવી તેમના પર થતાં અત્યાચારમાંથી બહાર લાવવાની એક સેવા કરવાની મારી એક ભાવના છે.

આ "સખી" વન સ્ટોપ સેન્ટરમાં તમામ પ્રકારની હિંસાથી પીડાયેલ મહિલાઓને એક જ છત્ર છાયા હેઠળ તેમની **"સખી"** બનીને તેમને જીવનમાં મૂંઝવતા પ્રશ્નો તેમજ મહિલાઓ ઉપર થતા અન્યાયો સામે લડવા માટેની ઉત્તમ તક મળી છે. તે બદલ આવી સેવાકિય પ્રવૃતિ કરવાનો મને ખુબ જ ગર્વ છે. તેમજ દરેક મહિલાઓના અમોને સેવા સાથે ઉમદા આશીર્વાદ પણ મળેલ છે.

## ❖સેન્ટર પર આવેલ અરજદારના અનુભવો :-

૨૫/૧૨/૨૦૨૦

હું આ સખી વન સ્ટોપ સેન્ટર ની મદદથી મારી સાથે થયેલી છેતરપીંડી અને સામે જે મને ન્યાય કરી આપેલ છે તે માટે હું સંતુષ્ટ છું તથા સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા મદદ કરવાની પીડીતાઓની ખુબજ સારી છે. અને અમને હેરાનગતિ વગર સાથી અપાવેલા ન્યાય માટે અમો આભાર વ્યક્ત કરીએ છીએ.

લિ.
૨. [signature]

૨૫/૧૨/૨૦૨૦

---

તા-૨૯/૧૨/૨૦૨૦
મંગળવાર

આજ રોજ તા-૨૯/૧૨/૨૦ ના રોજ સખી વન સેન્ટર માં જતી વખતે મને ખુબ જ દુઃખ થાય છે કેમ કે હું તા-૨૨/૧૨/૨૦ ના રોજ આ સેન્ટરમાં આવી તે દિવસથી જ જાણે મને મારો પોતાનો પરિવાર મળી ગયો એવો દિલથી અહેસાસ થયો હતો કેમ કે ઘર છોડ્યુ એ દિવસથી જ હું મારા પતિ સાથે હોવાને કારણે મનમાં ઘણું જ દુઃખ હતુ કે પરિવાર છોડીને જે દુઃખ થયુ હતું એ બધુ જ મને અહી ભુલાઈ ગયું. દિકરી, બહેન માફક અહી સારી રીતે સાત દિવસ રાખી ને કોઈ પણ તકલીફ પડેલ નથી. હું આ સેન્ટરમાં કામ કરતાં તમામ સ્ટાફ ને જશોદાબેનનો ખુબ જ આભાર માનું છું હું આ સેન્ટરમાં દરેક સ્ટાફ સાથે જાણે ઘરના સભ્યો હોય એ રીતે મને રાખતા આ વાત હું કદી ભુલી નહિ શકુ. આ સેન્ટરે મને નવી જીવવાની જીંદગી આપી છે અને આ સેન્ટરમાં હું ફરીવાર આવીશ. બીજુ વધુ ના લખતા મને અહિયા ખુબ જ સારી રીતે બધાએ સાચવી અને મારા પતિ જોડે મને પાછી મોકલી આપી જે બદલ આભાર વ્યક્ત કરું છું.

[signature]

# પ્રસ્તાવના

મહિલાઓ ઉપર થતી હિંસા એ ભારતના બંધારણમાં પ્રસ્થાપિત મહિલાઓના હક્કોનું હનન છે. સમાજના લગભગ તમામ ક્ષેત્રોમાં સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે અસમાનતા પ્રવર્તે છે. સમાજમાં સામાજીક અને કૌટુંબિક માળખાઓ પિતૃપ્રધાન હોવાથી મહિલાઓ સાથેની હિંસા અને અસમાનતા વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. મહિલાઓ ઉપર થતી હિંસાના કારણે સમાજમાં મહિલાઓના જીવન ધોરણ, વિકાસ, મિલકતના હક્કો, આર્થિક વિકાસ, નિર્ણય શક્તિ વગેરેને કારણે મહિલાઓ હિંસાનો ભોગ બને છે.આવી પીડીત અને શોષિત મહિલાઓના સર્વાંગી ઉત્કર્ષ માટે તેમજ બહેનો સ્વમાનભેર જીવી શકે અને આત્મનિર્ભર બની પોતાના હક થી વાકેફ થાય તેમજ પોતાને મળતા કાયદાકિય કવચથી અવગત થાય અને તેને જુદા-જુદા સ્થળે ન્યાય માટે ભટકવું ન પડે અને તેને એક જ સ્થળે તમામ પ્રકારની સહાય મળી રહે તે માટે ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા દેશમાં ૦૧-એપ્રિલ-૨૦૧૫ થી **"સખી" વન સ્ટોપ સેન્ટર** યોજના કાર્યરત કરવામાં આવેલ છે.

ભારતમાં સૌ પ્રથમ "સખી" વન સ્ટોપ સેન્ટર **૧૬-જુલાઈ-૨૦૧૫** ના રોજ રાયપુર (છત્તીસગઢ)માં ચાલુ થયું હતું. તથા ગુજરાતમાં પ્રથમ ચરણમાં સાબરકાંઠા,રાજકોટ,અને કચ્છમાં વન સ્ટોપ સેન્ટર શરુ કરવામાં આવ્યુ.ત્યારબાદ બીજા ચરણમાં જુનાગઢ અને પાટણમાં શરુ કરવામાં આવ્યું.

ગુજરાતના પાટણ જીલ્લામાં GMERS મેડીકલ હોસ્પિટલ,પહેલો માળ,ધારપુર ખાતે ૧ઓગષ્ટ-૨૦૧૮ થી **શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ** સંચાલિત "સખી"વન સ્ટોપ સેન્ટર યોજનાની શરૂઆત કરવામાં આવેલ છે.

ત્યારબાદ ગુજરાતના તમામ જીલ્લાઓમાં "સખી" સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. આમ દેશના તમામ જીલ્લા સ્તરે "સખી" વન સ્ટોપ સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે.

# પાટણ જીલ્લા વિશેની માહિતી

## પાટણનો ઈતિહાસ :-

પાટણ જીલ્લો ગુજરાત રાજ્યમાં સાડા પાચસો વર્ષથી પણ વધુ સમય સુધી રાજ્યનું પાટનગર રહી ચુક્યું છે. સોલંકી કાળ દરમ્યાન પાટણ માં અનેક ઐતિહાસિક સ્થળો અને ઈમારતો બનાવામાં આવ્યા હતા તે આજે પણ યથાવત છે. બે પ્રખ્યાત સ્થાપત્ય સ્મારકો રાષ્ટ્રીય સ્મારકોનો દરજ્જો ધરાવે છે. તેમાંથી એક રાણીની વાવ અને બીજુ સહસ્ત્રલિંગ તળાવ છે. રાણી કી વાવ 11 મી સદીમાં રાણી ઉદમતી દ્વારા રાજા ભીમદેવની સ્મુર્તિમાં સ્મારક તરીકે બનાવવામાં આવી હતી. તેને 22 જૂન, 2014 ના રોજ યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટ્સની સૂચિમાં ઉમેરવામાં આવી હતી. આ ઉપરાંત તાજેતરમાં ભારત સરકાર દ્વારા ભારતની રૂપિયા 100ની ચલણી નોટ પર તેનો સમાવેશ કરવામા આવ્યો છે.તે પાટણવાસી માટે ગૌરવની વાત છે.

પાટણ જિલ્લાની સ્થાપના ૨ ઓક્ટોબર ૧૯૯૭ ના કરવામાં આવી હતી. સ્થાપના સમયે પાટણ જિલ્લામાં સાત તાલુકાઓ હતા. ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ પાટણ જિલ્લામાં યોજાએલા વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા કાર્યક્રમમાં તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીસાહેબ દ્વારા નવા બે તાલુકાની રચના કરવામાં આવી હતી.




## પાટણ જીલ્લાના તાલુકાની યાદી :-

| | | |
|---|---|---|
| (૧) ચાણસ્મા | (૨) પાટણ | (૩) રાધનપુર |
| (૪) સમી | (૫) સાંતલપુર | (૬) સિધ્ધપુર |
| (૭) હારીજ | (૮) શંખેશ્વર | (૯) સરસ્વતી |

# સંસ્થા વિશેની માહિતી

શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ એ વર્ષ ૧૯૯૭થી કાર્યરત **ISO 9001 : 2008** નું રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ ધરાવતી એક માત્ર સંસ્થા છે. સંસ્થાને ભારત સરકારના સોસિયલ જસ્ટીસ એન્ડ એમ્પાવરમેન્ટ ડીપાર્ટમેન્ટ દ્વારા નેશનલ ટ્રસ્ટ તરીકે માન્યતા મળેલ છે. સંસ્થા **FCRA, 35AC**, સમાજ સુરક્ષા વિભાગ ગાંધીનગરનું વિકલાંગ ધારા-૧૯૯૫નું સર્ટીફિકેટ,ઈન્ડસ્ટ્રીયલ કમિશ્નર કોટેજ ઉધોગ ભવન ગાંધીનગર દ્વારા **MSME** Sector દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત વર્ષ-૨૦૧૩ નું સર્ટીફિકેટ એનાયત કરવામાં આવેલ છે.

સંસ્થા દ્વારા ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા પાટણ જીલ્લામાં હિંસાથી પીડિત મહિલાઓને તાત્કાલિક તબીબી સારવાર,કાયદાકિય સહાય, પોલીસ સહાય, માર્ગદર્શન, પરામર્શ તેમજ હંગામી ધોરણે આશ્રય જેવી સેવાઓ એક જ સ્થળે પૂરી પાડવા માટે **પાટણ, ભરૂચ અને દાહોદ** જીલ્લામાં **"સખી" વન સ્ટોપ સેન્ટર (OSC)** કાર્યરત છે.

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા પાટણ ખાતે **સ્વધાર ગૃહ** યોજનાની શરૂઆત કરવામાં આવેલ છે. જેમાં પીડિત બહેનોને ત્રણ વર્ષ સુધી આશ્રય સ્થાન આપી તેઓને વોકેશનલ તાલિમથી સુસજ્જ કર્યા બાદ સ્વનિર્ભર બનાવી તેઓને પગભર કરવાનો પ્રયાસ સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા અમારી સંસ્થામાં **લીગલ એઈડ ક્લીનીક**ની શરૂઆત કરવામાં આવેલ છે. જે અંતર્ગત પાટણ જીલ્લાની બહેનોને મફત કાનૂની સેવાઓ મળી રહે તે માટે શરૂઆત કરવામાં આવેલ છે.

ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સ્કીમ અંતર્ગત અમારી સંસ્થામાં વિસનગર મુકામે બાળકીઓ માટે **"ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ"** ચાલુ કરવામાં આવેલ છે.જેમાં ૧૮ વર્ષ સુધીની બાળકીઓને આશ્રય આપવામાં આવે છે.

# "સખી" વન સ્ટોપ સેન્ટર વિશે માહિતી

## ❖ સેન્ટરના ઉદ્દેશો (હેતુઓ) :-

- ✓ ખાનગી અને જાહેર સ્થળોએ થતી હિંસાથી પીડીત મહિલાઓને એકજ સ્થળે તમામ પ્રકારની સહાય મળી શકે.
- ✓ હિંસાથી અસરગ્રસ્ત મહિલાને ચોવીસ કલાક સહાય મળી શકે.
- ✓ હિંસાથી પીડીત મહિલાને હિંસાના ઉકેલ માટે તબીબી, કાયદાકિય, મનોવૈજ્ઞાનિક પરામર્શ, પોલીસ સહાય જેવી સેવાઓ તાત્કાલિક અને લાંબાગાળા સુધી મળી રહે તે સુનિશ્ચિત કરવુ.
- ✓ હિંસાથી પીડીત બહેનને વિના મુલ્યે અને હંગામી ધોરણે તાત્કાલિક આશ્રય મળી રહે તે સુનિશ્ચિત કરવું.

## ❖ સેન્ટરની રૂપરેખા :-

- ✓ ઘરમાં,સમાજમાં કાર્ય સ્થળે થતી હિંસા સામે તમામ પ્રકારની સેવા પૂરી પાડવી.
- ✓ મહિલાઓ/કિશોરીઓની સામે સમાજમાં શારીરીક,જાતિય,ભાવનાત્મક, મનોવૈજ્ઞાનિક અને આર્થિક હિંસાનો ભોગ બને છે. જેના કારણે લિંગભેદ,સ્ત્રીભૃણ હત્યા,ડાકણ પ્રથા,ઘરેલું હિંસા,એસિડ એટેક જેવી અનેક હિંસાઓનો ભોગ બનેલ મહિલાઓને સેવા પૂરી પાડવી.
- ✓ ઉપરોક્ત તમામ હિંસાથી પીડીત મહિલાઓ તેમજ કિશોરીઓને એક જ સ્થળે તમામ સહાય મળી રહે તે માટે "સખી" વન સ્ટોપ સેન્ટર શરૂ કરવામાં આવેલ છે.

## ❖ સેન્ટરનું કાર્ય સ્થળ :-

- ✓ "સખી" વન સ્ટોપ સેન્ટર જીલ્લા સ્તરે શરૂ કરવામાં આવેલ છે.
- ✓ જીલ્લાનું સેન્ટર જીલ્લાની સિવિલ હોસ્પિટલના કમ્પાઉંડમાં શરૂ કરવામાં આવેલ છે.
- ✓ આ યોજનાનો લાભ જીલ્લાની તમામ હિંસાગ્રસ્ત મહિલાઓ અને કિશોરીઓને મળવાપાત્ર છે. જરૂર જણાય ત્યારે અન્ય જીલ્લાની પીડીત બહેનોને પણ આવરી લેવામાં આવે છે.
- ✓ હાલમાં પાટણ જીલ્લાનું "સખી" વન સ્ટોપ સેન્ટર, GMERS મેડીકલ હોસ્પિટલ,ધારપુર તા.જી.પાટણ ખાતે શરૂ કરવામાં આવેલ છે.

## ❖ સેન્ટરમાં કોને-કોને લાભ મળી શકે :-

- ✓ કોઈપણ હિંસાથી પીડીત મહિલા આ યોજનાનો લાભ લઈ શકે છે.
- ✓ કોઈપણ ઉંમરની પીડીત મહિલા આ યોજનાનો લાભ લઈ શકે છે.
- ✓ પીડીત મહિલા સાથે ૮ વર્ષ સુધીની ઉંમરના કિશોર પણ આ યોજનાનો લાભ લઈ શકે છે.
- ✓ તમામ ઉંમરની કિશોરીઓ આ યોજનાઓ લાભ લઈ શકે છે.

## ❖ સેન્ટર દ્વારા અપાતી સેવાઓ :-




## ❖ મનોવૈજ્ઞાનિક પરામર્શ :-

પીડીત મહિલાઓને અનુભવી કાઉન્સેલર દ્વારા કાઉન્સેલિંગની સેવા પૂરી પાડી તેનામાં આત્મ-વિશ્વાસ વધે તેમજ તે પોતાના જીવનના યોગ્ય નિર્ણય લઇ શકે તે માટે સલાહકાર દ્વારા યોગ્ય દિશા સુચન કરવામાં મદદ કરે છે. તેમજ તે હિંસા સામે ન્યાય મેળવી શકે તે માટે તેને યોગ્ય દિશા બતાવવાનું માર્ગદર્શન આપવામાં આવે છે.



## ❖ તબીબી સહાય :-



કોઇપણ હિંસાથી પીડીત મહિલાઓને તમામ પ્રકારની તબીબી સહાય જેવી કે લેબોરેટરી, એક્સ-રે , ઇમરજન્સી સારવાર, સોનોગ્રાફી, ગંભીર ઇજાઓ, પ્રસુતિ તપાસ, માનસિક સારવાર તેમજ ઓપરેશનમાં જરૂરી મદદ વગેરે... જેવી સેવાઓ તાત્કાલિત ધોરણે પૂરી પાડવામાં આવે છે.



## ❖ પોલીસ સહાય :-

પીડીત મહિલાને સેન્ટર દ્વારા એફ.આઈ.આર. /એન.સી.આર./ડી.આઇ.આર.દાખલ કરવા માટે મહિલાઓને સહાય પૂરી પાડવામાં આવે છે.તેમજ પોલીસ સહાય માર્ગદર્શન પણ મળી રહે છે.

## ❖ કાયદાકિય સહાય :-



પીડીત મહિલાને જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળના અધિકારી દ્વારા મહિલા વકિલ પૂરા પાડવામાં આવ્યા છે. "સખી"વન સ્ટોપ સેન્ટર પર આવનાર કેસોમાં કાયદાકિય મદદગાર બને છે. તેમજ પીડીત મહિલાને યોગ્ય ન્યાય મળી રહે તે માટેનું જરૂરી ડોક્યુમેન્ટ તેમજ માહિતી સેન્ટર દ્વારા પૂરી પાડવામાં આવે છે.

## ❖ હંગામી ધોરણે આશ્રય :-



- ✓ હિંસાથી પીડીત મહિલાને આંઠ વર્ષના બાળક સાથે પાંચ દિવસ સુધીનો હંગામી ધોરણે આશ્રય પૂરો પાડવામાં આવે છે.
- ✓ હિંસાથી અસરગ્રસ્ત તમામ ઉંમરની કિશોરીઓ અને મહિલાઓને પાંચ દિવસ સુધીનો હંગામી ધોરણે આશ્રય પૂરો પાડવામાં આવે છે.
- ✓ આશ્રય દરમિયાન પીડિત મહિલાને તેના જીવન જરૂરીયાતની તમામ ચીજ વસ્તુઓ જેવી કે કપડા-૦૧ જોડી, નાવાનો સાબુ, કપડાં ધોવાનો સાબુ, તેલ, શેમ્પુ, સેનેટરી પેડ, વેસેલીન,નાવાનો રૂમ, કાંસકો, ટૂથ પેસ્ટ, ,ઉલીયુ, બ્રસ,ડાયપર,દવાઓ તેમજ અંડર ગારમેન્ટ વગેરે... સેન્ટર તરફથી મફત પૂરી પાડવામાં આવે છે.

## ❖ <u>૧૮૧ "અભયમ"મહિલા હેલ્પ લાઈન :-</u>



✓ કોઈ પણ હિંસાથી પીડીત મહિલાને રેસ્ક્યુ વાન દ્વારા તાત્કાલિક સેન્ટર ઉપર લાવવા માટેની સેવા પૂરી પાડવામાં આવે છે. કોઈપણ હિંસાથી પીડીત મહિલાને તાત્કાલિક ૧૦૮ સર્વિસ અથવા પોલીસ વાન દ્વારા પણ સેવા પૂરી પાડવામાં આવે છે.

## ❖ આશ્રિત અરજદારને આપવામાં આવતી કીટ :-





## ❖ આશ્રિત અરજદારને આપવામાં આવતા ભોજનની યાદી :-

**મહિલા અને બાળ વિકાસ, નવી દિલ્લી**
**અનુદાનિત**
**"સખી" વન સ્ટોપ સેન્ટર, ધારપુર તા.જી.-પાટણ**

**અરજદારને ચા,નાસ્તો તેમજ જમવાનું ટાઈમ ટેબલ**

| ક્રમ | સમય | વિગત | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ૦૭:૦૦ થી ૦૭:૩૦ | ચા,નાસ્તો (ચા,બ્રેડ,ફ્રૂટ) | |
| ૨ | ૧૨:૦૦ થી ૧૨:૩૦ | બપોરનું ભોજન (દાળ,ભાત, ૨શાક,રોટલી) | |
| ૩ | ૦૪:૦૦ થી ૦૪:૩૦ | ચા | |
| ૪ | ૦૭:૩૦ થી ૦૮:૦૦ | રાત્રીનું ભોજન (ખીચડી,શાક,રોટલી,દૂધ) | |


## “સખી” વન સ્ટોપ સેન્ટર દ્વારા અન્ય વિભાગો સાથે સંકલન :-



## ❖ સેન્ટરમાં થતી કામગીરી :-

- ૨૪ કલાક સેવા પૂરી પાડવી.
- તમામ પ્રકારની હિંસાથી પીડિત મહિલાઓને સહાય કરવી.
- તમામ પ્રકારની હિંસાથી પીડિત કિશોરીઓને સહાય કરવી.
- પીડિત મહિલાઓની તબીબી સહાયની જરૂર હોય તો તે સાથે રહી યોગ્ય સારવાર અપાવવી.
- પીડિત મહિલાનું કાઉન્સેલિંગ કરી તેને કઈ સહાયની અગ્રમ જરૂરીયાત છે તે સુનિશ્ચિત કરવું.
- પીડિત મહિલાને ૫ દિવસનો હંગામી આશ્રય આપી આગળની કાર્યવાહી હાથ ધરી સતત તેનું કાઉન્સેલિંગ કરવું.
- પીડિત મહિલાને પોલીસ કાર્યવાહી કરવાની હોય તો એફ.આઈ.આર. વગેરે દાખલ કરાવવું તેમજ તેમાં યોગ્ય કાર્યવાહી થાય તે સુનિશ્ચિત કરવું.
- પીડિત મહિલાને કોર્ટ સહાયની જરૂર હોય તો **DLSA**માં કેસ દાખલ કરાવી યોગ્ય વકીલની નિમણૂંક થાય તેની તકેદારી રાખી સતત એક્સનમાં રહી કામગીરી કરવી.
- પીડિત મહિલાને જરૂર જણાતા ૧૮૧ મારફતે યોગ્ય સહાય આપી તેને મદદ કરવી.
- જરૂર જણાય તેવા કેસોમાં સલાહકારને હાજર રાખી બન્ને પક્ષકારોને મંજૂર હોય અને યોગ્ય હોય તો સમાધાનની પ્રક્રીયા હાથ ધરવી.
- સેન્ટર ઉપર જણાય તો પોલીસ ઈસ્પેક્ટર, કોન્સ્ટેબલ વગેરેને હાજર રાખી કામગીરી કરવી.
- સેન્ટર પર ૧૮ વર્ષથી નીચેની સગીરાના કેસ આવે તો ચાઈલ્ડ હેલ્પ લાઈન-૧૦૯૮ અને જીલ્લા બાળ સુરક્ષા એકમ તેમજ બાળ કલ્યાણ સમિતિનો સહિયારા સાથથી કામગીરી કરવામાં આવે છે.

## ❖ “સખી” વન સ્ટોપ સેન્ટરનું માળખું :-




## ❖ જીલ્લા કક્ષાની મોનીટરીંગ કમિટી :-

| | | |
|---|---|---|
| ૧ | જીલ્લા કલેક્ટરશ્રી અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨ | જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી | સભ્યશ્રી |
| ૩ | મુખ્ય જીલ્લા તબીબી અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૪ | જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૫ | સચિવશ્રી,જીલ્લા કાનૂની સેવા સતા મંડળ | સભ્યશ્રી |
| ૬ | એન.જી.ઓ.પ્રતિનિધિ (૩ જેમાંથી ઓછામાં ઓછા ૨ મહિલા) | સભ્યશ્રી |
| ૭ | દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |
| ૮ | કલેક્ટરશ્રી નક્કી કરે તે મુજબ | સભ્યશ્રી |


જીલ્લા કક્ષાની કમીટી “સખી” વન સ્ટોપ સેન્ટર સુચારૂં રીતે કાર્યરત રહે તેનું મોનીટરીંગ કરશે અને સમયાંતરે માહિતી તેમજ માર્ગદર્શન આપશે તેમજ સ્ટાફને યોગ્ય તાલીમબધ્ધ થાય તેનું આયોજન કરશે.

# "સખી" વન સ્ટોપ સેન્ટર

## "સખી" વન સ્ટોપ સેન્ટર,પાટણ પર આવેલ કેસોની આંકડાકિય માહિતી :-


### ❖ સેન્ટર પર એપ્રિલ-૨૦૨૦ થી માર્ચ-૨૦૨૧ સુધી નોંધાયેલ માસિક કેસોની વિગત :-

| ક્રમ | માસનું નામ | સેન્ટર પરના કેસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | એપ્રિલ-૨૦૨૦ | ૦૨ |
| ૨ | મે-૨૦૨૧ | ૦૭ |
| ૩ | જૂન-૨૦૨૧ | ૧૩ |
| ૪ | જુલાઇ-૨૦૨૦ | ૨૪ |
| ૫ | ઓગષ્ટ-૨૦૨૦ | ૧૧ |
| ૬ | સપ્ટેમ્બર-૨૦૨૦ | ૧૫ |
| ૭ | ઓક્ટોમ્બર-૨૦૨૦ | ૦૯ |
| ૮ | નવેમ્બર-૨૦૨૦ | ૧૨ |
| ૯ | ડિસેમ્બર-૨૦૨૦ | ૧૫ |
| ૧૦ | જાન્યુઆરી-૨૦૨૧ | ૧૫ |
| ૧૧ | ફેબ્રુઆરી-૨૦૨૧ | ૧૬ |
| ૧૨ | માર્ચ-૨૦૨૧ | ૨૧ |
| કુલ કેસોની સંખ્યા | | ૧૬૦ |





### ❖ સેન્ટર પર એપ્રિલ-૨૦૨૦ થી માર્ચ-૨૦૨૧ સુધી નોંધાયેલ કેસોના પ્રકારની વિગત :-

| ક્રમ | કેસનો પ્રકાર | સેન્ટર પરના કેસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઘરેલુ હિંસા | ૬૫ |
| ૨ | બળાત્કાર | ૦૨ |
| ૩ | જાતિય સતામણી | ૦૧ |
| ૪ | મહિલાઓની હેરફેર/ વેપાર | ૦૭ |
| ૫ | બાળ જાતિય દુરઉપયોગ | ૦૧ |
| ૬ | બાળલગ્ન | ૦૧ |
| ૭ | ગુમ/અપહરણ | ૦૭ |
| ૮ | સાયબર ક્રાઇમ | ૦૧ |
| ૯ | અન્ય ગુના | ૭૫ |
| કુલ કેસોની સંખ્યા | | ૧૬૦ |




## ❖ સેન્ટર પર એપ્રિલ-૨૦૨૦ થી માર્ચ-૨૦૨૧ સુધી સેન્ટર પર રાજ્ય વાઈઝ નોંધાયેલ કેસોની વિગત

| ક્રમ | રાજ્યનું નામ | વિવિધ રાજ્યમાંથી સેન્ટર પર આવેલ કેસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગુજરાત | ૧૫૨ |
| ૨ | કલકત્તા | ૦૧ |
| ૩ | મહારાષ્ટ્ર | ૦૨ |
| ૪ | રાજસ્થાન | ૦૨ |
| ૫ | દક્ષિણ બંગાળ | ૦૩ |
| કુલ કેસોની સંખ્યા | | ૧૬૦ |




## ❖ એપ્રિલ-૨૦૨૦ થી માર્ચ-૨૦૨૧ સુધી સેન્ટર પર નોંધાયેલ જીલ્લા વાઈઝ કેસોની વિગત


| ક્રમ | જીલ્લાનું નામ | વિવિધ જીલ્લામાંથી સેન્ટર પર આવેલ કેસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦૮ |
| ૨ | બનાસકાંઠા | ૦૮ |
| ૩ | ભાવનગર | ૦૧ |
| ૪ | ગાંધીનગર | ૦૧ |
| ૫ | કચ્છ | ૦૧ |
| ૬ | મહિસાગર | ૦૧ |
| ૭ | મહેસાણા | ૦૫ |
| ૮ | પાટણ | ૧૨૦ |
| ૯ | સાબરકાંઠા | ૦૩ |
| ૧૦ | સુરત | ૦૨ |
| ૧૧ | સુરેન્દ્રનગર | ૦૨ |
| ૧૨ | અન્ય રાજ્ય | ૦૮ |
| કુલ કેસોની સંખ્યા | | ૧૬૦ |



# "સખી" વન સ્ટોપ સેન્ટર


## ❖ એપ્રિલ-૨૦૨૦ થી માર્ચ-૨૦૨૧ સુધી સેન્ટર દ્વારા આપેલ સહાયના કેસોની વિગત

| ક્રમ | આપેલ સહાય | કેસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | મનોવૈજ્ઞાનિક કાઉન્સેલિંગ | ૧૫૭ |
| ૨ | પોલીસ સહાય | ૧૮ |
| ૩ | કાયદાકીય સહાય | ૧૫ |
| ૪ | તબીબી સહાય | ૬૮ |
| ૫ | આશ્રય | ૮૬ |
| ૬ | ૧૮૧ હેલ્પ લાઈન | ૦૨ |




## ❖ એપ્રિલ-૨૦૨૦ થી માર્ચ-૨૦૨૧ સુધી સરકારશ્રી દ્વારા ફાળવેલ ગ્રાન્ટ/વપરાયેલ ગ્રાન્ટની વિગત :-

| ક્રમ | બજેટ હેડ | ફાળવેલ ગ્રાન્ટ | વપરાયેલ ગ્રાન્ટ |
|---|---|---|---|
| ૧ | સ્ટાફ સેલેરી | ૨૪,૦૦,૦૦૦/- | ૨૨,૭૭,૪૪૮/- |
| ૨ | સ્ટેશનરી | ૨૪,૦૦૦/- | ૧૫,૭૪૫/- |
| ૩ | લાઈટબીલ | ૩૬,૦૦૦/- | ૦૦/- |
| ૪ | ટેલિફોન/ફેક્સ બીલ | ૩૬,૦૦૦/- | ૪,૬૯૬/- |
| ૫ | કેટરીંગ/ફૂડ | ૪૮,૦૦૦/- | ૧૩,૬૦૦/- |
| ૬ | કપડાં,દવાઓ અને કીટ | ૨૪,૦૦૦/- | ૨૩,૯૯૨/- |
| ૭ | તાલીમ/આઈ.ઈ.સી./એડ્વોકેસી | ૫૦,૦૦૦/- | ૪૭,૨૦૦/- |
| ૮ | ટ્રાન્સ્પોર્ટેશન | ૨,૪૦,૦૦૦/- | ૮૪,૮૮૦/- |
| ૯ | કન્ટીજન્સી ફંડ | ૧,૪૨,૯૦૦/- | ૬૪,૦૪૬/- |
| | કુલ | ૩૦,૦૦,૯૦૦/- | ૨૫,૨૪,૮૮૦/- |



## ❖ સેન્ટર દ્વારા વિવિધ સ્તરે જાગૃત્તિ શિબિરનું આયોજન :-

- **સેન્ટર દ્વારા કરવામાં આવતી મહિલા જાગૃત્તિ શિબિરની વિગત :-**

| ક્રમ | તાલુકો | જાગૃત્તિ શિબિર સંખ્યા | જાગૃત્તિ શિબિરમાં હાજર સંખ્યા (અંદાજીત) |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૨૫ | ૨૩૨૭ |
| ૨ | ચાણસ્મા | ૦૨ | ૩૬૦ |
| ૩ | સિધ્ધપુર | ૦૨ | ૩૭૦ |
| ૪ | રાધનપુર | ૦૩ | ૧૭૮ |
| ૫ | હારીજ | ૦૩ | ૧૭૦ |
| ૬ | સમી | ૦૧ | ૩૫ |
| ૭ | શંખેશ્વર | ૦૧ | ૨૫ |
| ૮ | સાંતલપુર | ૦૧ | ૬૦ |
| ૯ | સરસ્વતી | ૦૦ | ૦૦ |
| | કુલ | ૩૮ | ૩૩૫૫ |

## ❖ મહિલા જાગૃત્તિ શબિર :-



"સખી"વન સ્ટોપ સેન્ટર,પાટણના સ્ટાફ દ્વારા પાટણ જીલ્લાના વિવિધ ગામડાઓમાં, આશા વર્કર બહેનો, સરપંચો, મહિલા કોલેજો, મહિલાલક્ષી કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ તથા સરકાર દ્વારા આયોજીત આરોગ્ય સ્ટોલ તથા મેળા, વર્કશોપ, આંગણવાડી કાર્યકર, ફિમેલ હેલ્થ વર્કર, ડોક્ટરો, સરકારી અધિકારીઓ તથા વિવિધ સરકારી કચેરીઓ વગેરે...જગ્યાએ જઈ OSC ના પ્રચાર-પ્રસાર માટે મહિલા જાગૃત્તિ શિબિરનું

આયોજન કરવામાં આવે છે. જેમાં OSC યોજનાની વિસ્તારપૂર્વક માહિતી આપવામાં આવે છે તથા આ યોજનામાં કેવા પ્રકારની મહિલાઓ લાભ લઈ શકે અને આ સેન્ટર પરથી કેવા પ્રકારની સહાય મેળવી શકાય તથા મહિલાલક્ષી વિવિધ અન્ય યોજનાઓની માહિતી આપવામાં આવે છે. મહિલાઓ ઉપર થતી હિંસા અને તે હિંસા સામે કેવી રીતે સામનો કરવો વગેરેની માહિતી વિસ્તારથી આપવામાં આવે છે અને તેનું આઈ.ઈ.સી.વિતરણ તથા ગામના જાહેર સ્થળો પર સ્ટીકર લગાવી તથા વર્ષ-૨૦૨૧-૨૨ના સખી વન સ્ટોપ સેન્ટર યોજનાના કેલન્ડર તથા બેગ વિતરણ કરી યોજનાનો પ્રચાર-પ્રસાર વધારવામાં આવે છે.

OSC યોજનાના પ્રચાર-પ્રસાર સાથે સરકારશ્રીની વિવિધ મહિલાલક્ષી યોજનાઓ જેવી કે "વ્હાલી દિકરી" યોજના અંતર્ગત ૦૨-ઓગષ્ટ-૨૦૧૯ પછી જન્મેલ બાળકીઓના ફોર્મ ભરવામાં આવે છે. તથા વિધવા સહાય યોજના, સુકન્યા યોજના,બેટી બચાવો,બેટી પઢાવો યોજના,પાલક માતા-પિતા યોજના, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન, સ્વધારગૃહ યોજના, જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા મળતી મફત કાનૂની સહાય, ચાઈલ્ડ હેલ્પ લાઈન-૧૦૯૮, જેવી અનેક યોજનાઓનો પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે. સાથે-સાથે તેના ફોર્મ ક્યાંથી મળશે અને તેમાં કયા-કયા આધાર પૂરાવાની જરૂર પડશે તથા તે ફોર્મ ભરી કઈ કચેરીમાં જમા કરાવવા વગેરેની માહીતી આપવામાં આવે છે.

આ સાથે "સખી" વન સ્ટોપ સેન્ટર,પાટણની એક ટીવી એડ્વેટાઈઝ બનાવવામાં આવી છે. જેનું સોશીયલ મીડીયા માધ્યમ દ્વારા બહોળો પ્રચાર-પસાર કરવામાં આવે છે. તથા સદર સેન્ટરનું ફેસબુક પેજ અને ટ્વીટર તેમજ યુ ટ્યુબ ચેનલ બનાવવામાં આવી છે. જેના દ્વારા યોજનાનો બહોળો પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે.





## ❖ સંસ્થા દ્વારા સ્ટેક હોલ્ડર એડ્વોકેસી સેમિનાર :-

| ક્રમ | તારીખ | સ્થળ | તાલુકો | સ્ટોલમાં હાજર સંખ્યા (અંદાજીત) |
|---|---|---|---|---|
| ૧ | ૦૮/૧૨/૨૦૨૦ | હોટેલ મારવેલ,પાટણ | પાટણ | ૫૦ |

શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા ચાઈલ્ડ લાઈન-૧૦૯૮ દ્વારા **“બાળ અધિકાર અને બાળ સંરક્ષણ”** વિષય ઉપર એક સ્ટેક હોલ્ડર એડ્વોકેસી મીટીંગનું આયોજન કરવામાં આવ્યુ. જેમાં પાટણ જીલ્લાના વિવિધ બાળ સંરક્ષણ ગૃહ (DCPU)ના અધિકારી, બાળ સુરક્ષા સમિતિ, જીલ્લા બાળ સુરક્ષા એકમ, ચાઈલ્ડ લાઈન-૧૦૯૮ ટીમ, જુવેનાઈલ જસ્ટીસ એક્ટના મેમ્બર જ્યોત્સનાબેન નાથ તથા વિવિધ વિભાગના સ્ટેક હોલ્ડર તેમજ શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ - સંસ્થાના અધિકારી અને પદાધિકારીઓ એ હાજરી આપેલ હતી.આ સેમિનારમાં બાળકોના અધિકાર અને બાળકોના કાયદા વિશે સમજ આપવામાં આવી હતી.તેમજ વિવિધ વિભાગનાં સ્ટેક હોલ્ડર સાથે સંકલન મીટીંગનું આયોજન કરવામાં આવ્યુ તથા બાળકોના સંરક્ષણ વિષય ઉપર ચર્ચા કરવામાં આવી હતી.






## યોજનાકીય કેલેન્ડર અને બેગ વિતરણ :-

સખી" વન સ્ટોપ સેન્ટર યોજનાના વર્ષ-૨૦૨૧-૨૨ ના કેલેન્ડર તથા બેગ બનાવી પાટણ જીલ્લા તેમજ તાલુકાની વિવિધ સરકારી તથા બિન સરકારી વિભાગો અને કચેરીઓમાં,પાટણ જીલ્લા તેમજ તાલુકાના વિવિધ પોલીસ સ્ટેશન, એસ.પી.કચેરી, કોર્ટ, વિવિધ મહિલાલક્ષી સરકારી તેમજ અર્ધસરકારી સંસ્થાઓ,સિવિલ હોસ્પિટલોમાં, સામાજીક કાર્યકર, આંગણવાડી તેમજ ગામના સરપંચોને તેમજ પાટણ મામલતદાર કચેરી તથા બેગ વિતરણ સેન્ટર પર આવનાર અરજદાર તથા તેમના ઉપર મુજબની તમામ સરકારી અને અર્ધસરકારી કચેરીઓમાં આપી પ્રચાર-પ્રસાર વધારવામાં આવ્યો છે.






- **OSC યોજના ઓફીસ ટેબલ ઘડીયાળ દ્વારા પ્રચાર-પ્રસાર :-**




“સખી” વન સ્ટોપ સેન્ટર,પાટબ દ્વારા **“ઓફીસ ટેબલ ઘડીયાળ”** બનાવવામાં આવેલ છે. જે ઘડીયાળ “સખી” વન સ્ટોપ સેન્ટર,પાટણ ની મુલાકાત લેનાર પાટણ જીલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી, દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારીશ્રી, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરીશ્રી ઠક્કર સાહેબ, જેન્ડર રિસોર્સ સેન્ટરના બીજલબેન, પોલીસ અધિક્ષક સાહેબશ્રી, એમ.એસ.ડબલ્યુ.કોલેજના પ્રોફેસર ગાર્ગીબેન વગેરે... અધિકારી તેમજ પદાધિકારીઓને “સખી” વન સ્ટોપ સેન્ટર યોજનાકિય **“ઓફીસ ટેબલ ઘડીયાળ”** આપી “સખી” વન સ્ટોપ સેન્ટર યોજનાનો બહોળો પ્રચાર-પ્રસાર વધારવામાં આવે છે.






## ❖ મહિલા પખવાડીયાની ઉજવણી :-

૧-ઓગષ્ટ થી ૧૪-ઓગષ્ટ “મહિલા સશક્તિકરણ પખવાડીયા” નિમિત્તે કોરોનાની મહામારી ધ્યાને રાખીને મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર અને જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા વંદે ગુજરાત ચેનલ-૧ માધ્યમથી ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં OSC સ્ટાફ દ્વારા આ વેબિનાર નિહાળવામાં આવેલ. જેમાં ૧૪ દિવસ દરમિયાન નીચે મુજબના વિષય ઉપર અલગ-અલગ નિષ્ણાંતો દ્વારા અલગ-અલગ વિષય ઉપર ચર્ચા કરવામાં આવી.

| ક્રમ | તારીખ | વિષય |
|---|---|---|
| ૦૧ | ૦૧/૦૮/૨૦૨૧ | મહિલા સુરક્ષા દિવસ ઉજવણી |
| ૦૨ | ૦૨/૦૮/૨૦૨૧ | વિશ્વ દિકરી દિવસ ઉજવણી |
| ૦૩ | ૦૩/૦૮/૨૦૨૧ | મહિલા સ્વાવલંબન દિવસ ઉજવણી |
| ૦૪ | ૦૪/૦૮/૨૦૨૧ | મહિલા નેતૃત્વ દિવસ ઉજવણી |
| ૦૫ | ૦૫/૦૮/૨૦૨૧ | આરોગ્ય દિવસ ઉજવણી |
| ૦૬ | ૦૬/૦૮/૨૦૨૧ | મહિલા કૃષિ દિવસ ઉજવણી |
| ૦૭ | ૦૭/૦૮/૨૦૨૧ | મહિલા શિક્ષણ દિવસ ઉજવણી |
| ૦૮ | ૦૮/૦૮/૨૦૨૧ | મહિલા સ્વચ્છતા જાગૃતિ દિવસ ઉજવણી |
| ૦૯ | ૦૯/૦૮/૨૦૨૧ | મહિલા કલ્યાણ દિવસ ઉજવણી |
| ૧૦ | ૧૦/૦૮/૨૦૨૧ | મહિલા બાળ પોષણ દિવસ ઉજવણી |
| ૧૧ | ૧૧/૦૮/૨૦૨૧ | મહિલા કર્મયોગી દિવસ ઉજવણી |
| ૧૨ | ૧૨/૦૮/૨૦૨૧ | મહિલા કાનૂની દિવસ ઉજવણી |
| ૧૩ | ૧૩/૦૮/૨૦૨૧ | શ્રમજીવી મહિલા દિવસ ઉજવણી |
| ૧૪ | ૧૪/૦૮/૨૦૨૧ | મહિલા સૌષ્ઠવ દિવસ ઉજવણી |






## ❖ OSC સ્ટાફ ટ્રેનિંગ:-

- **NICPPED દ્વારા યોજાયેલ ઓનલાઇન તાલીમ :-**


| ક્રમ | તારીખ | વિષય | ટ્રેનિંગ આપનાર વિભાગનું નામ | માધ્યમ | રિમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| ૧ | ૦૯/૦૭/૨૦ થી ૧૦/૦૭/૨૦ | ઘરેલું હિંસા અને જાતિ | NICPPED, Delhi | ઓનલાઇન | એડ્મીન અને કેસવર્કર |
| ૨ | ૨૩/૦૭/૨૦ થી ૨૪/૦૭/૨૦ | સાઇબર ક્રાઇમ, મહિલા સુરક્ષા અને સલામતી | NICPPED, Delhi | ઓનલાઇન | એડ્મીન અને કેસવર્કર |
| ૩ | ૦૬/૦૮/૨૦ થી ૦૭/૦૮/૨૦ | કાનૂની સલામતી અને સાયકો & સોસીયો કાઉન્સેલિંગ | NICPPED, Delhi | ઓનલાઇન | એડ્મીન અને કેસવર્કર |
| ૪ | ૧૯/૧૦/૨૦ થી ૨૪/૧૦/૨૦ | રિફ્રેશર તાલીમ | જેન્ડર રિસોર્સ સેન્ટર | ઓનલાઇન | એડ્મીન અને કેસવર્કર |
| ૫ | ૧૦/૧૨/૨૦૨૦ | મહિલાલક્ષી કાયદા વિશે સમજ | ઠક્કર સાહેબ,સેક્રેટરીશ્રી-જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,પાટણ | ઓફલાઇન | એડ્મીન અને કેસવર્કર |
| ૬ | ૧૯/૦૩/૨૧ | OSC વર્કશોપ | મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, દિલ્હી | ઓફલાઇન | એડ્મીન |
| ૭ | ૩૧/૦૩/૨૧ થી ૦૧/૦૪/૨૧ | કાનૂની સલામતી અને સાયકો & સોશિયો કાઉન્સેલિંગ | NICPPED, Delhi | ઓનલાઇન | લીગલ એડ્વોકેટ અને કેસવર્કર |

ભારત સરકારના NICPPED, Delhi દ્વારા કોરોનાની કપરી પરિસ્થિતિને ધ્યાને રાખીને ઓન લાઇન માધ્યમથી જુદા-જુદા વિષય ઉપર તાલીમ યોજવામાં આવે છે. જેમાં અલગ-અલગ નિષ્ણાંત દ્વારા OSC ના સ્ટાફને અલગ-અલગ વિષય ઉપર તાલીમ આપવામાં આવી હતી. જે વિષયોમાં મુખ્યત્વે નીચે મુજબના વિષય ઉપર ચર્ચા કરવામાં આવી.

- ઘરેલુ હિંસા અને જાતિ
- સાઇબર ક્રાઇમ, મહિલા સુરક્ષા અને સલામતી
- કાનૂની સલામતી અને સાયકો & સોશિયો કાઉન્સેલિંગ











## • જેન્ડર રિસોર્સ સેન્ટર (GRC) આયોજીત તાલીમ :-

આ ઉપરાંત જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા "સખી" વન સ્ટોપ સેન્ટરના સેન્ટર એડ્મીનીસ્ટ્રેટર અને કેસ વર્કરની "રિફ્રેશર તાલીમ" નું છ દિવસીય ઓન લાઈન તાલીમનું આયોજન કરવામાં આવ્યુ. જે છ દિવસ દરમિયાન અલગ-અલગ વિષય ઉપર ચર્ચા કરવામાં આવી. જેમાં તાલીમ નિષ્ણાંત તરીકે આનંદીબેન પટેલએ સેન્ટરના સ્ટાફગણને તાલીમ આપવામાં આવી હતી.જે તાલીમમમાં નીચે મુજબના મુદ્દાની ચર્ચા કરવામાં આવી.



➤ કાઉન્સેલિંગ વિભાવના,

➤ કાઉન્સેલિંગ એટલે શું? કાઉન્સેલિંગના પ્રકારો,

➤ કાઉન્સેલિંગના ધ્યેયો, કાઉન્સેલિંગના જરૂરી ગુણો

➤ સમસ્યાનું મૂલ્યાંકન

- કાઉન્સેલરે કઇ બાબતોનું ધ્યાન રાખવુ જોઇએ.
- કાઉન્સેલિંગની પ્રક્રિયા, કુશળતા વિષે તબક્કાઓ
- કાઉન્સેલિંગનું મહત્વ
- બર્ન આઉટ એટલે શું ? બર્ન આઉટના કારણો, લક્ષણો અને ચિન્હો
- સ્ટ્રેટ (તણાવ) એટલે શું ? ટ્રોમા એટલે શું?
- હિંસા એટલે શું ? હિંસાના પ્રકારો

આમ, ઉપરોક્ત વિષયો ઉપર તાલીમ નિષ્ણાંત દ્વારા તાલીમકારોને સમજાવવામાં આવ્યા તથા સેન્ટર પર આવનાર પીડીત મહિલાઓને કયાં પ્રકારની સેવા આપવી અને કયા પ્રકારે કાઉન્સેલિંગ કરવું વગેરે... વિષય ઉપર વિસ્તારથી ચર્ચા કરવામાં આવેલ. આમ, ટ્રેનિંગ શરૂ થયા પહેલા પ્રી ટ્રેસ્ટનું આયોજન કરવામાં આવેલ અને ટ્રેનિંગ પૂરી થયા બાદ પોસ્ટ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

- **જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,પાટણ આયોજીત તાલીમ :-**

પાટણ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ના સેક્રેટરી સાહેબશ્રી તથા મીડીએટર જ્યોત્સનાબેન નાથ દ્વારા "સખી"વન સ્ટોપ સેન્ટરના સેન્ટર એડ્મીન અને કેસ વર્કરને મહિલાલક્ષી કાયદા અને કલમો વિશે માહિતી આપવામાં આવી તથા સેન્ટર પર આવનાર કેસોમાં પડતી મુશ્કેલીઓ વિશે ચર્ચા કરવામાં આવી તથા સેન્ટર પર અત્યાર સુધી આવનાર કેસો વિશે માહિતી મેળવવામાં આવેલ અને તેમાં કરવામાં આવતી મદદ વિશે માહિતી મેળવવામાં આવેલ. જેમાં સેન્ટર પર આવનાર કેસોમાં પોલીસ સહાયમાં પડતી મુશ્કેલી ચર્ચા કરવામાં આવી. જેમાં ઠક્કર સાહેબ દ્વારા જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીના સંકલનથી સેન્ટર પર પોલીસ મદદ અપાવવા માટે જરૂરી સપોર્ટ કરવામાં આવ્યો.



- **મહિલા અને બાળ મંત્રાલય, નવી દિલ્હી આયોજીત તાલીમ :-**

તારીખ-૧૯/૦૩/૨૦૨૧ ના રોજ "વિજ્ઞાન ભવન-નવી દિલ્હી" ખાતે મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. જે વર્કશોપમાં ભારતના તમામ "સખી" વન સ્ટોપ સેન્ટરના એક-એક કેન્દ્ર સંચાલકોએ હાજરી આપેલ. આ વર્કશોપમાં અંદાજે ૭૦૦ જેટલા જુદા-જુદા જીલ્લાના કેંદ્ર સંચાલકોએ હાજરી આપેલ.

માન.સેક્રેટરી- રામ મોહન મીશ્રા (ડબલ્યુ સી.ડી.ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયા) ના અધ્યક્ષ સ્થાને તારીખ:-૧૯/૦૩/૨૦૨૧ ના રોજ સવારે ૧૦:૦૦ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા "સખી" વન સ્ટોપ સેન્ટર યોજના અંતર્ગત **"મહિલા સલામતી અને સશક્તિકરણ"** પરીસંવાદનું આયોજન વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે કરવામાં આવ્યુ. જેમાં રામ મોહન મીશ્રા-સેક્રેટરી-WCD ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયા,આશિષ શ્રીવાસ્તવ-એડીશનલ સેક્રેટરી-WCD ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયા,પલ્લવીબેન અગ્રવાલ-જોઈન્ટ ડાયરેક્ટર-WCD ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયા, ડૉ. અંજુ રાઠી રાના- જોઈન્ટ સેક્રેટરી ડિપાર્ટમેન્ટ ઓફ લીગલ આસિ.,સ્મૃતિ જુબીન ઈરાની-વુમન ઓફ ચાઈલ્ડ ડેવલપમેન્ટ- મહિલા અને બાળ વિકાસ મંત્રી -WCD ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયા, મોરલી પાંડે-લો મીનીસ્ટ્રી, મિસીસ શીવાજી, ડૉ.સુમિત્રિ ઘોસ,મનોજ શુક્લ વગેરે અધિકારી-પદાઅધિકારીઓએ હાજરી આપેલ.




આ વર્કશોપમાં મિશન શક્તિ વિષય ઉપર ચર્ચા કરવામાં આવી.જેમાં મહિલાઓલક્ષી વિવિધ યોજનાઓને સાથે જોડવા અંગે ચર્ચા કરવામાં આવી. તથા મહિલાઓ ઉપર થતી હિંસા ઉપર ચર્ચા કરવામાં આવી. અને સેન્ટરમાં પડતી મુશ્કેલીઓ અને ભવિષ્યમાં નવીન સુધારા-વધારા માટે હાજર તમામ કેન્દ્ર સંચાલક પાસેથી કિમતી સુચનો લેવામાં આવ્યા હતા અને આ કિમતી સૂચનોને મહિલા અને બાળ મંત્રાલયમાં રજૂ કરી નવીન સુધારા વધારા લાવવા માટેની ચર્ચા કરવામાં આવી.

## ❖ કોરોનાકાળમાં કરેલ કામગીરીની વિગત :-

- **માઈગ્રન્ટ વર્કરોની મુલાકાત :-**

| ક્રમ | તારીખ | સ્થળ | માઈગ્રન્ટ વર્કરોની સંખ્યા | | |
|---|---|---|---|---|---|
| | | | સ્ત્રી | પુરૂષ | બાળકો |
| ૦૧ | ૦૬/૦૪/૨૦૨૦ | આંબાભાઈ ધર્મશાળા,પાટણ | ૧૨ | ૧૯ | ૨૨ |
| ૦૨ | ૦૬/૦૪/૨૦૨૦ | પ્રાથમિક શાળા,ચડીયાણા તા.-સમી | ૦૩ | ૦૩ | ૦૦ |
| ૦૩ | ૦૬/૦૪/૨૦૨૦ | RUSA બોઈઝ હોસ્ટેલ, પાટણ | ૦૪ | ૫૮ | ૦૯ |
| ૦૪ | ૦૬/૦૪/૨૦૨૦ | ચિલ્ડ્રન હોમ ફોર બોઈઝ,પાલડી | ૦૮ | ૧૬ | ૧૦ |
| ૦૫ | ૦૬/૦૪/૨૦૨૦ | કે.બી.વકીલ હાઈસ્કુલ,રાધનપુર | ૦૦ | ૦૮ | ૦૦ |
| ૦૬ | ૦૬/૦૪/૨૦૨૦ | કોલીવાડા પ્રાથમિક શાળા,સાંતલપુર | ૦૨ | ૦૩ | ૦૨ |
| ૦૭ | ૧૩/૦૪/૨૦૨૦ | આંબાભાઈ ધર્મશાળા,પાટણ | ૧૨ | ૧૯ | ૨૨ |
| ૦૮ | ૧૩/૦૪/૨૦૨૦ | RUSA બોઈઝ હોસ્ટેલ, પાટણ | ૦૪ | ૫૨ | ૦૯ |
| ૦૯ | ૧૫/૦૪/૨૦૨૦ | ખીમાસર પ્રાથમિક શાળા,સાંતલપુર | ૦૩ | ૦૫ | ૦૩ |
| ૧૦ | ૧૫/૦૪/૨૦૨૦ | પ્રાથમિક શાળા,ચડીયાણા તા.-સમી | ૦૩ | ૦૪ | ૦૦ |
| ૧૧ | ૧૫/૦૪/૨૦૨૦ | કે.બી.વકીલ હાઈસ્કુલ,રાધનપુર | ૦૦ | ૦૮ | ૦૦ |
| ૧૨ | ૨૧/૦૪/૨૦૨૦ | RUSA બોઈઝ હોસ્ટેલ, પાટણ | ૦૮ | ૧૬ | ૧૦ |
| ૧૩ | ૨૧/૦૪/૨૦૨૦ | ચિલ્ડ્રન હોમ ફોર બોઈઝ,પાલડી | ૦૯ | ૧૬ | ૧૦ |
| ૧૪ | ૨૭/૦૪/૨૦૨૦ | RUSA બોઈઝ હોસ્ટેલ, પાટણ | ૦૪ | ૫૮ | ૦૯ |
| ૧૫ | ૨૭/૦૪/૨૦૨૦ | આંબાભાઈ ધર્મશાળા,પાટણ | ૧૨ | ૧૯ | ૨૨ |
| ૧૬ | ૨૭/૦૪/૨૦૨૦ | પ્રાથમિક શાળા,ચડીયાણા તા.-સમી | ૦૩ | ૦૪ | ૦૦ |
| ૧૭ | ૨૭/૦૪/૨૦૨૦ | કે.બી.વકીલ હાઈસ્કુલ,રાધનપુર | ૦૦ | ૦૮ | ૦૦ |
| ૧૮ | ૨૭/૦૪/૨૦૨૦ | ખીમાસર પ્રાથમિક શાળા,સાંતલપુર | ૦૨ | ૦૩ | ૦૨ |
| | | કુલ માઈગ્રન્ટ વર્કરો | ૮૯ | ૩૧૯ | ૧૩૦ |



આજની આ વૈશ્વિક બિમારી "કોરોના" ના વધતાં જતા કેસોના કારણે સરકારને વધતાં જતાં કેસો અટકાવવા માટે લોકડાઉન રાખવાની ફરજ પડી હતી. જે લોકડાઉન દરમિયાન જાહેર આરોગ્ય સેવાઓ સિવાય તમામ સેવાઓ ઉપર રોક લગાવવામાં આવ્યો હતો. આ દરમિયાન સદર સેન્ટર દ્વારા પાટણ જીલ્લામાં બહારના રાજ્યોમાંથી રોજગારી માટે આવેલ માઈગ્રન્ટ વર્કરોને પાટણ જીલ્લાના અલગ-અલગ આશ્રય ગૃહોમાં આશ્રય આપવામાં આવ્યો હતો. "સખી" વન સ્ટોપ સેન્ટર – પાટણના સેન્ટર

એડ્મીનીસ્ટ્રેટર અને કેસ વર્કર દ્વારા આ આશ્રય ગૃહોમાં આશ્રય લઇ રહેલા માઇગ્રન્ટ વર્કરોમાં સમી,હારીજ,રાધનપુર તથા સાંતલપુર તાલુકાનાં માઇગ્રન્ટ વર્કરોનું સામાજીક તથા સોશીયલ કાઉન્સેલિંગ પણ કરવામાં આવ્યુ હતુ. તેમજ સરકારશ્રી દ્વારા પૂરી પડાતી સવલતો તથા અન્ય જરૂરીયાતોનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું. તેમજ તેઓને પણ **માસ્ક** તથા **સેનેટાઇઝર** વિતરણ કરવામાં આવ્યા હતા.

શેલ્ટર હોમના બાળકોને **ચાઇલ્ડ હેલ્પ લાઇન-૧૦૯૮ ના સહયોગથી બિસ્કીટ તથા પોષ્ટીક નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.** સંસ્થા દ્વારા પાટણ જીલ્લાના સરસ્વતી તથા પાટણ તાલુકામાં જરૂરીયાતવાળા દિવ્યાંગ ભાઇ-બહેનો તેમજ વિધવા મહિલાઓને **૫૩ રાશન કીટ**નું વિતરણ કરવામાં આવ્યુ હતુ. જેમાં ભુતિયાવાસણા ગામે સરસ્વતી તાલુકાના ટી.ડી.ઓ.સાહેબશ્રીએ હાજરી આપેલ હતી.

- **માસ્ક/સેનેટાઇઝર વિતરણ :-**

સંસ્થા દ્વારા પાટણ જીલ્લાના પાટણ,સમી,હારીજ,રાધનપુર તથા સાંતલપુર મુકામે સદા પોતાની ડ્યુટીમાં તત્પર રહેતા પોલીસ જવાનોને કોટન કાપડમાંથી બનાવેલ માસ્કનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યુ હતુ. તેમજ ધારપુર સિવિલ હોસ્પિટલ, પેટ્રોલપંપ તથા ગરીબ વ્યક્તિઓ તેમજ બેન્કોમાં પણ માસ્ક વિતરણ કરવામાં આવ્યુ હતુ. પાટણ તથા તેમને જીવન જરૂરીયાતની વસ્તુઓ પૂરી પડવામાં જરૂરી મદદ કરવામાં આવી હતી તથા તેમના વતન સુધી મોકલવા માટે સરકારશ્રીની મદદ લઇ એસ.ટી.બસની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી.









# "સખી" વન સ્ટોપ સેન્ટર

- **માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોનની મુલાકાત :-**




પાટણ સિટીના વિવિધ માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોનમાં હોમ કોરોન્ટાઈન લોકોની રૂબરૂ મુલાકાત કરી તેમને પડતી મુશ્કેલીઓ વિશે માહિતી મેળવવામાં આવી તથા સરકારશ્રી દ્વારા પૂરી પડાતી સવલતો તથા અન્ય જરૂરીયાતોનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું.તથા તેમની જીવન જરૂરીયાતની વસ્તુઓ પૂરી પાડવામાં આવી હતી.

- **પાટણ સીટીમાં "આરોગ્ય ધન્વંતરી રથ"માં કોરોના ટેસ્ટીંગમાં સહભાગીદારી :-**

પાટણ સિટીમાં કોરોનાનું જોખમ વધતાં પાટણ જીલ્લા મહિલા અને બાળ અધિકારીના માર્ગદર્શન હેઠળ તથા જીલ્લા આરોગ્યતંત્રના સાથે રહી "આરોગ્ય ધન્વંતરી રથ" માં પાટણ સિટીના વિવિધ વિસ્તારોમાં જઇ કોરોના ટેસ્ટીંગમાં સહભાગીદારી આપી કોરોના ટેસ્ટીંગમાંનો વ્યાપ વધારવામાં સાથ આપવામાં આવ્યો હતો.



- **"સખી" વન સ્ટોપ સેન્ટર,પાટણ સેનેટાઈઝેશન :-**



આ વૈશ્વિક મહામારી "કોરોના" ને ધ્યાને રાખીને સમયાંતરે OSC ઓફીસને સેનેટાઈઝ કરવામાં આવી હતી. તથા ઓફીસના તમામ સ્ટાફને માસ્ક, સેનેટાઈઝર, હેન્ડ ગ્લોઝ, વગેરે આપવામાં આવ્યા તથા સ્ટાફને કોરોના મહામારીને ધ્યાને રાખીને સોશીયલ ડિસ્ટન્સનું પાલન કરવા જણાવવામાં આવ્યુ. તથા સેન્ટર ઉપર આશ્રય લેનાર તમામ પીડીત મહિલાને સૌ પ્રથમ કોરોના ટેસ્ટીંગ કરવામાં આવ્યા અને આવનાર બહેનોને સૌપ્રથમ સેન્ટર તરફથી અલગથી બનાવવામાં આવેલ આઈસોલેશન વોર્ડમાં રીફર કરવામાં આવ્યા હતા.

## • "સખી" વન સ્ટોપ સેન્ટર,પાટણના સ્ટાફને કોરોના વોરિયર્સ પ્રમાણપત્ર એનાયત :-

આંતરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે "સખી" વન સ્ટોપ સેન્ટર,પાટણના સ્ટાફને બાર કાઉન્સેલિંગ ઓફ ગુજરાત દ્વારા "કોરોના વોરિયર્સ" ના શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તથા સેન્ટર પર સતત કાનૂની સલાહકાર તરીકે જોડાયેલ અને  કોરોનાની મહામારીમાં પણ કાયદાકીય મદદગાર તરીકે સેવા બજાવનાર જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,પાટણ તરફથી "સખી" વન સ્ટોપ સેન્ટર પાટણમાં ફાળવેલ લીગલ એડ્વોકેટ જ્યોત્સનાબેન નાથને પણ શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત સખી વન સ્ટોપ સેન્ટર, પાટણ દ્વારા કોરોના વોરિયર્સ તરીકે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.









## ❖ સેન્ટર પર યોજાયેલ સ્ટાફ મીટીંગ :-




OSC ના સેન્ટર એડ્મીનીસ્ટ્રેટર દ્વારા સમયાંતરે અને જરૂર જણાય ત્યારે અથવા દર ૧૦ દિવસે OSC પર સ્ટાફ મીટીંગનું આયોજન કરવામાં આવે છે. અત્યારે કોરોનાની પરિસ્થિતિને ધ્યાને રાખી જરૂર જણાયે **“ગુગલ મીટ”** સોશીયલ મીડીયા એપ્લીકેશન દ્વારા પણ ઓન લાઇન મીટીંગનું આયોજન કરવામાં આવે છે.આ મીટીંગમાં OSC પર આવેલ કેસોની ચર્ચા કરવામાં આવે છે, નવા સિડ્યુલ બાબતે ચર્ચા, મહિલા જાગૃત્તિ શિબિર આયોજન અંગે ચર્ચા, માસિક રીપોર્ટ અંગે ચર્ચા કરવામાં આવે છે.અને કોઇ મીટીંગ કે સેમિનારમાં ભાગીદારી કે સરકારી પ્રોગ્રામમાં સહ-ભાગીદારી માટે પ્લાનિંગ કરવામાં આવે છે. તેમજ OSC ની સેવાનો લાભ જીલ્લાના છેવાડાનાં ગામની બહેન સુધી પહોંચી શકે તે માટેની ચર્ચા વિચારણા કરી આગામી સમયનું ભાવિ આયોજન કરવામાં આવે છે.અને OSC ના મૂંઝવતા પ્રશ્નો અંગે પણ ચર્ચા કરવામાં આવે છે. તેમજ જે કેસોમાં મૂંઝવણ અનુભવાઇ હોય તેવા કેસોમાં કોની મદદ લેવી, કોની સાથે સંકલન કરી કેસોનાં ઉકેલ લાવી શકાય આ માટે સમયાંતરે સ્ટાફ મીટીંગનું આયોજન કરવામાં આવે છે.

## ❖ સંસ્થાના પ્રમુખ શ્રી સાથે OSC કર્મચારીની સ્ટાફ મીટીંગ :-



સમયાંતરે સંસ્થાના પ્રમુખ શ્રી નરેશભાઇ દવે દ્વારા OSCના કર્મચારીઓ મુલાકાત કરવામાં આવે છે. જે દરમિયાન OSC પર આવેલ કેસોની ચર્ચા કરવામાં છે તથા OSCના સ્ટાફની કામગીરી વિશે માહિતી મેળવવામાં આવે છે. તથા સદર સેન્ટર પર કેવા પ્રકારના કેસો આવે છે તેના વિશે પણ માહિતી મેળવવામાં આવે છે તથા તેમાં કયા પ્રકારે મદદ આપવામાં આવે છે તેના વિશે માહિતી મેળવવામાં આવી હતી તથા સતત ૨ વર્ષથી સેવા બજાવનાર કર્મચારીઓનો ઉત્સાહ વધારવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યુ હતુ.તથા કામમાં કોઇ મૂંઝવતા પ્રશ્નો વિશે ચર્ચા કરવામાં આવી હતી.

## ❖ વિવિધ વિભાગોના અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ સેન્ટરની મુલાકાત :-

### • મહિલા અને બાળ અધિકારીશ્રી દ્વારા OSC વિઝિટ :-

મહિલા અને બાળ વિભાગ,પાટણ માર્ગદર્શનથી કાર્યરત “સખી” વન સ્ટોપ સેન્ટર,ધારપુરની મહિલા અને બાળ અધિકારી દ્વારા સમયાંતરે આકસ્મિત મુલાકાત કરવામાં આવે છે. જે દરમિયાન તેઓ OSC પર આવેલ કેસોની ચર્ચા કરે છે અને આવેલ કેસોને કઇ રીતે હેન્ડલ કરવા તે વિશેની ચર્ચા કરવામાં આવે છે. તથા OSC પરના તમામ ડોક્યુમેન્ટ ચેક કરી જરૂરી સુચનો આપવામાં આવી હતી. તથા સદર સેન્ટરના ISO સર્ટીફિકેટ મેળવવા માટેની ચર્ચા કરવામાં આવી હતી. તથા OSC મા આશ્રિત બહેન સાથે મુલાકાત કરી તેના વિશે માહિતી મેળવવામાં આવી હતી. તથા ખાસ કરીને સ્વધાર ગૃહ પાટણમાંથી રીફર કરવામાં આવેલ કેસો અંગે ચર્ચા કરેલ અને તેઓને તેમના વતન સુધી પહોંચાડવા માટે જે તે રાજ્યના OSC સેન્ટરનો સંપર્ક કરવા સુચન કરવામાં આવ્યુ. તથા OSC નો પ્રચાર-પ્રસાર વધારવા સુચન આપેલ.



### • દહેજ પ્રતિબધક સહ રક્ષણ અધિકારીશ્રી દ્વારા OSC વિઝિટ:-

પાટણ જીલ્લા દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી દ્વારા પણ “સખી” વન સ્ટોપ સેન્ટર પાટણના સુચારૂ સંચાલનની દેખરેખ માટે મુલાકાત કરવામાં આવે છે તથા મહિલા અને બાળ અધિકારીના સાથે રહી સદર સેન્ટરની મુલાકાત કરવામાં આવે છે. જે દરમિયાન સદર સેન્ટર પર આવેલ કેસો વિશે માહિતી મેળવવામાં આવી હતી. તથા કોરોના કાળમાં ઉત્કૃષ્ઠ કામગીરી બદલ તમામ કર્મચારીઓને બિરદાવવામાં આવ્યા હતા તથા સેન્ટરના કર્મચારીઓના મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ લાગવામાં મદદ કરવામાં આવે છે.






- **જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી ઠક્કર સાહેબ દ્વારા કરવામાં આવેલ સેન્ટરની મુલાકત :-**

તારીખ-૧૨/૦૧/૨૦૨૧ ના રોજ પાટણ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી સાહેબશ્રી અને "સખી" વન સ્ટોપ સેન્ટર પાટણ જીલ્લા કમિટીના સભ્ય દ્વારા સેન્ટરની મુલાકાત કરવામાં આવી હતી. જે મુલાકાત દરમિયાન સેન્ટર પર આવેલ કેસો બાબતે ચર્ચા કરવામાં આવેલ અને ખાસ કેસોમાં કાયદાકિય મદદ જણાયે જી.કા.સે.સ.મં.પાટણનો સંપર્ક કરવા જણાવવામાં આવેલ તથા સેન્ટર પર આશ્રિત ૨ બહેનોની પણ મુલાકાત લેવામાં આવી હતી. અને તેમની હિસ્ટ્રી વિગતવાર મેળવવામાં આવી હતી.




- **જેન્ડર રિસોર્સ સેન્ટરના બીજલબેન દ્વારા કરવામાં આવેલ સેન્ટરની મુલાકત :-**


તારીખ-૧૫/૦૯/૨૦૨૦ ના રોજ જેન્ડર રિસોર્સ સેન્ટર ના બીજલબેન દ્વારા "સખી" વન સ્ટોપ સેન્ટર,પાટણ ની મુલાકાત કરવામાં આવેલ. જે દરમિયાન સેન્ટર પર આવેલ સખી ડેશ બોર્ડમાં ઓનલાઈન કરેલ કેસોને ઓછામાં ઓછા ૬ થી ૧૨ માસ સુધી ચાલુ રાખી સમયાંતરે ફોલોઅપ લઈ તેમાં સુધારો આવે ત્યારે જ તે કેસોને બંધ કરવા તથા સેન્ટર પર કેસ આવે ત્યારે તેને ૨૪ કલાકની અંદર તે જ દિવસે ઓનલાઈન કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. તથા યોજનાનો બહોળો પ્રચાર-પ્રસાર કરવા જણાવેલ હતુ.




- ## વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ મુલાકાત :-

વર્ષ-૨૦૨૦-૨૧ દરમિયાન શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટના વિવિધ પ્રોજેક્ટના પ્રોજેક્ટ કોઓર્ડીનેટર સમીરભાઇ,ચિરાગભાઇ,શાંતિભાઇ જોશી, જીલ્લા બાળ કલ્યાણ સમિતિ,પાટણના ચેરમેન મધુબેન સેનમા તથા તેમની કમિટીના સભ્યો,વિસ્તરણ અધિકારી અશોકભાઇ,મહિલા શક્તિ કેન્દ્ર-પાટણની ટીમ, રાજ્ય સુરક્ષા સમિતિના સભ્ય વર્ષાબેન પટેલ, ચાઇલ્ડ હેલ્પ લાઇન-૧૦૯૮ની ટીમ, પાટણ જીલ્લા તથા તાલુકાના વિવિધ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર સાહેબશ્રી તથા પોલીસ કર્મચારી, સી.આઇ.ડી.ક્રાઇમ વિભાગના અધિકારી,હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણના સમાજકાર્ય વિભાગના ગાર્ગીબેન, તથા એમ.એસ.ડબલ્યુ કોલેજના વિધાર્થીઓ અને આરોગ્ય વિભાગના વિવિધ અધિકારીઓ દ્વારા સદર સેન્ટરની મુલાકાત કરી યોજનાની માહિતી મેળવેલ અને તેઓએ આ યોજનામાં તેમની ક્યાંય પણ મદદની જરૂર જણાય તો મદદ કરવા માટે તત્પરતા દાખવેલ તેમજ તેઓ પણ આ યોજનાની માહિતી જરૂરીયાત બહેનો સુધી પહોંચાડશે તેવી ખાત્રી આપેલ.




















## ❖ “સખી” વન સ્ટોપ સેન્ટરમાં મળેલ ગીઝરની ભેટ :-

સદર સેન્ટરની કામગીરીથી સંતુષ્ટ થઈ અને જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ પાટણ તરફથી સખી વન સ્ટોપ સેન્ટર પાટણમાં ફાળવેલ એડ્વોકેટ શ્રી જ્યોત્સ્નાબેન નાથના માર્ગદર્શનથી MACP બાર એસોસીયેસનના પ્રમુખશ્રી કે.કે.ઠક્કર સાહેબના દ્વારા સેન્ટર પર આશ્રય લેનાર બહેનોને ગરમ પાણીની સગવડ મળી રહે તે હેતુથી એક ઈલેક્ટ્રીક ગીઝર ભેટ આપવામાં આવ્યુ.



## ❖ સેન્ટર દ્વારા બનાવવામાં આવેલ હોડીંગ્સ :-

- **"સખી" વન સ્ટોપ સેન્ટરનું હોડીંગ્સ પાટણ જૂની સિવિલ ખાતે લગાવવામાં આવ્યુ છે.**





- **GMERS મેડીકલ હોસ્પિટલ ધારપુર ખાતે "સખી" વન સ્ટોપ સેન્ટરનું હોડીંગ્સ પાટણ સિવિલ ખાતે લગાવવામાં આવ્યુ છે.**




હોડીંગ્સ લગાવવાથી આ યોજનાનો પ્રચાર-પ્રસાર સારા પ્રમાણમાં થાય છે. અને દરેક વ્યક્તિને આ યોજનાની જાણકારી સરળતાથી મળી રહે છે. અને અજાણ રહી ગયેલ જાહેર જનતા અને બહોળા પ્રમાણમાં આ યોજનાની માહિતી સરળતાથી મળી રહે છે.

## ❖ સેન્ટર દ્વારા ડેવલોપ કરવામાં આવેલ આઇ.ઇ.સી.મટીરીયલ






## "સખી" વન સ્ટોપ સેન્ટર

### પ્રેસનોટ



**શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત**

# સખી વન સ્ટોપ સેન્ટર-પાટણ દ્વારા નિરાધાર માનસિક અસ્વસ્થ મહિલાને નારીગૃહમાં મોકલી અપાઈ

(દો.ન્યુ.સ.) પાટણ
આજ રોજ શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ, સંચાલિત સખી વન સ્ટોપ સેન્ટર, પાટણ દ્વારા એક નિરાધાર માનસિક અસ્વસ્થ મહિલનાને ૧૦ દિવસની સારવાર બાદ જય અંબે ટ્રસ્ટ બાયડ સંચાલિત માનસિક બિમાર સ્ત્રીઓ માટે ચાલતા નારીગૃહમાં મોકલી આપવામાં આવી

આ કેશની વિગત એવી છે કે તા.૦૫/૦૫/૨૦૨૦ ના રોજ દહેજ પ્રતિબંધક અધિકારીશ્રીની નજરમાં એક માનસિક તથા શારીરીક રીતે અશસ્કત મહિલા નજરે આવતે તેઓએ પોતાની ફરજ ના ભાગરૂપે તાત્કાલિક ૧૮૧ અભયમ નો કોન્ટેક કરતા ૧૮૧ દ્વારા આ મહિલાને મેડીકલ હોસ્પીટલ, ધારપુર સ્થિત સખી વન સ્ટોપ સેન્ટરમાં લાવવામાં આવેલ. જયાં મહિલાની શારીરીક ઈજાઓ હતી તેની સારવાર કરેલ ત્યારેબાદ સેન્ટર દ્વારા કોરોના મહામારીના કારણે સૌ પ્રથમ મહિલાનો કોરોના રીપોર્ટ કરાવવામાં આવ્યો. ત્યાર બાદ તેને ૧ દિવસ આઈસોલેશનમાં રાખવામાં આવી. જયારે કોરોનાનો રીપોર્ટ નેગેટીવ આવતા આ મહિલાને હોસ્પીટલમાં જ માનસિક રોગના નિષ્ણાત ડાંકટર પાસે સારવાર માટે લઈ ગયા જયાં તેઓને ૧૦ દિવસ સુધી સારવાર કરવામાં આવી હતી. આમ આટલા દિવસ પછી મહિલાની સ્થિતિ ધીમેધીમે સુધારો જણાઈ આવેલ હોઈ ડાંકટરના જણાવ્યા મુજબ આ મહિલાને હવે વધુ સારવારની જરૂર નહોઈ કોઈ નારી ગૃહ ખાતે મોકલી આપવાનું સુચવેલ જેથી સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા બાયડ સ્થીત જય અંબે ટ્રસ્ટ સંચાલિત નારીગૃહનો ટેલીફોનિક કોન્ટેક કરેલ જયાં તેઓએ સ્વીકારવાની હા પાડેલ હતી. જેથી કરીને હોસ્પીટલમાં અન્ય બિજા રીપોર્ટ કરી આ મહિલાને બાયડ નારીગૃહમાં મોકલી આપવામાં આવી. જેમાં ધારપુર હોસ્પીટલના સુપ્રીટેન્ડન્ટ તથા આરએમઓ સાહેબ તથા અન્ય સ્ટાફનો ખુબજ સહકાર મળેલ હતો. આમ કોરોના વાયરસના ચાલતા દહેજ પ્રતિબંક અધિકારી શ્રી રમીલાબેન રાઠોડ ના માર્ગદર્શન અને સખી વન સ્ટોપ સેન્ટર, પાટણ તેમજ ૧૮૧ અને ની મદદથી માનસિક રીતે પરેશન મહિલાને અનુકુળ રહેવા તથા જમવાની વ્યવસ્થા મળી રહે તેવુ ઉમદા કાર્ય કરી પોતાની જવાબદારી સારીરીતે નિભાવેલ છે.તેમજ સખી વન સ્ટોપ સેન્ટરના એડમીનીસ્ટ્રેટર દ્વારા આહવાન કરવામાં આવે કે પાટણ જીલ્લામાં ઘરેલુ હિંસાથી પીડીત કોઈ પણ મહિલાઓ મેડીકલ હોસ્પીટલ ધારપુરસ્થિત સખી વન સ્ટોપ સેન્ટરની કાઉનસેલીગ સેવાઓ, કાનુની સેવાઓ, પોલીસ મદદ, મેડીકલ સેવાઓ તથા હંગામી ધોરણે આશ્રયની સેવાઓનો ઉપયોગ કરી પોતાની સમસ્થાનું સફળતા પૂર્વક નિરાકરણ લાવી શકાશે

# સખી વન સ્ટોપ સેન્ટર ધારપુરની સેવાઓની DSPએ સરાહના કરી

## પોલીસ અધિક્ષકે સન્માન પત્ર મોકલી આપ્યું હતું

ભાસ્કર ન્યૂઝ | પાટણ

મહિલા અને બાળ વિકાસ વિભાગ પાટણ તેમજ શ્રી બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ પાટણ દ્વારા ધારપુર સિવિલ હોસ્પિટલ ખાતે સખી વન સ્ટોપ સેન્ટર ચાલી રહ્યું છે જેની સેવાઓની જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા દ્વારા સરાહના કરવામાં આવી છે. જે માટે સંસ્થાને પોલીસ વડાએ સન્માન પત્ર મોકલી આપ્યું હતું.

પોલીસ સ્ટેશનોમાં રાત્રિના સમયે મહિલા કે બાળકીને રાખવાની અગવડતા પડતી હતી પરંતુ સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા હંગામી આશ્રયની સેવા આપવામાં આવી રહી છે તેથી ખૂબ જ સરળતા બની રહી છે તેમ પોલીસ અધિક્ષકે જણાવ્યું છે.

સંસ્થાના ચેરમેન નરેશભાઈ દવે જણાવ્યું હતું કે ધારપુર સ્થિત આ સેન્ટર ખાતે જિલ્લામાં હિંસાથી પીડિત મહિલાઓ માટે તાત્કાલિક તબીબી સારવાર, હંગામી ધોરણે પાંચ દિવસ આશ્રય, કાયદાકીય સલાહ અને માર્ગદર્શન, પોલીસ સહાય અને પરામર્શ એક જ સ્થળે ઉપલબ્ધ કરવામાં આવે છે. આ સેવાઓનો અનેક મહિલા ઓને લાભ મળ્યો છે.

# પાટણના એચઆઇવીગ્રસ્ત બાળકોને ઉત્તરાયણ કીટ વિતરણ



પાટણ : પાટણ જિલ્લા એન.પી.પ્લસ સંસ્થા દ્વારા એચ.આઇ.વી પોઝિટિવ લોકોને કાળજી તથા સાર-સંભાને લગતી વિસ્તૃત સેવાઓ પ્રદાન કરાય છે. જેના ભાગરૂપે ઉત્તરાયણ કિટ વિતરણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે એમ.આર.ઠક્કર સેક્રેટરી DLSA, જ્યોત્સનાબેન નાથ એડવોકેટ ઉપસ્થિતિમાં દાતા કિરીટભાઈ પટેલ, પટેલ સંજયભાઈ, પટેલ રાણાભાઈ, બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત વન સ્ટોપ સખી મંડળ, ચાઈલ્ડ હેલ્પ લાઈન અને વિહાન સ્ટાફના સહયોગથી ઉત્તરાયણ પર્વના ભાગરૂપે એચ.આઇ. વી પોઝિટિવ અને અસરગ્રસ્ત બાળકોને પતંગ, ફીરકી, ક્યરિયું, ચીકી, બિસ્કિટની કુલ 75 ઉત્તરાયણ કિટ આપવામાં આવી હતી.

दैनिक भास्कर | 28-Jan-2020 પાટણ Page 1

# પાટણ ભાસ્કર

સિદ્ધપુર • રાધનપુર | સમી-હારિજ • ચાણસ્મા | divyabhaskar.com

હેવાન બાપ કોલેજમાં પહોંચેલી દીકરીનાં ઘરમાં કપડાં ઉતારી રહ્યો હતો ત્યારે દીકરીના કાકા જોઈ જતાં ભાંડો ફૂટ્યો

**પિતા-પુત્રીના સંબંધને લજવતી ઘટના**

# 4 વર્ષ સુધી દીકરી પર બાપે દુષ્કર્મ આચર્યું, પિતાની હેવાનિયતથી બચાવવા માએ માસીને ત્યાં મોકલી તો માસાએ પણ પીંખી નાખી

24મી જાન્યુઆરી રાષ્ટ્રીય બાલિકા દિવસે જ પીડિતાએ પાટણ-ધારપુર સખી વનસ્ટોપ સેન્ટરમાં પોતાની સાથે બનેલી દર્દનાક ઘટના વર્ણવી

પિતા અને માસા વિરૂદ્ધ દુષ્કર્મ અને પોક્સો એક્ટ હેઠળ ફરિયાદ, હવસખોર પિતાની ધરપકડ

કાકાએ દુષ્કર્મીનો ભાંડો ફોડ્યો

## પ્રેસનોટ

**પાટણ-બનાસકાંઠા**

**AHMEDABAD**

### સરસ્વતી તાલુકાના દુષ્કર્મી પિતાને પકડી કોરોના ટેસ્ટ માટે મોકલાયો

# સગીરાને ગર્ભવતી બનાવ્યા બાદ નરાધમ પિતાની નજર તેની બીજી દીકરી પર હતી

**હવસખોર શખ્સ દારૂડિયો અને આળસુ હોઈ ઘરમાં મારઝૂડ કરતો હતો**

**માતાએ આ બનાવની વાત કરતા તેને માર માર્યો હતો**

સગીરા સાથે દુષ્કર્મ અને પાંચ માસનો ગર્ભ રહી ગયા હોવાની જાણ ડૉક્ટર દ્વારા સગીરાની માતાને કરાતા તેની માતાએ ઘરે જઈ આ બાબતે તેના પતિ સાથે વાત કરતા ફરી શંકાશીલ સ્વભાવ ધરાવતા દુષ્કર્મી પિતાએ તેની માતાને મૂઢ માર મારતા છેવટે માતા સગીરા સાથે સખી વનસ્ટોપ સેન્ટર ખાતે પહોંચી પોતાની તેમજ તેની સગીરા દિકરીની આપવીતી જણાવી હતી.

। પાટણ । (સં.ન્યૂ.સ.)

સરસ્વતી તાલુકાના હવસખોર શખ્સ મજૂરીના રૂપિયા દારૂમાં ઉડાવી દેતા છેવટે સગીરાની માતા છુટક મજુરી કરવા મજબૂર બની હતી. જેથી પોતાનું-પોતાના બાળકોનું ગુજરાન ચલાવી શકે. પિતાએ તેની દિકરીને ગર્ભવતી બનાવી દેવાનો બનાવ ડૉક્ટરે જણાવ્યા બાદ પ્રકાશમાં આવતા સગીરાની ફરિયાદના આધારે ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસ દ્વારા વધુ પૂછપરછ હાથ ધરતા સગીરાનો પિતા દારૂ પીવાની આદતવાળો તેમજ વારંવાર તેની પત્નીને મારઝુડ કરતો હતો. મજૂરીના રૂપિયા દારૂમાં ઉડાવી દઈ અને ઘરમાં દારૂ પી પડ્યો રહેતો હતો. તેની કોઈ પણ દિકરીઓને કોઈની સાથે વાત કરવા દેતો ન હતો અને કોઈ સાથે તેની પત્ની કે દિકરી વાત કરે તો શંકાશીલ સ્વભાવને પગલે મારતો હતો. છેવટે માતાને સગીરાના પિતાના તમામ કરતૂતોની ખબર પડી જતા વાગડોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા સખી વન સ્ટોપ સેન્ટરમાં માતા સહિત તમામ બાળકોને રાખી સંસ્થા દ્વારા તેઓની પૂછપરછ હાથ ધરાઈ છે. દુષ્કર્મીનો કોરોના રિપોર્ટ આવ્યા બાદ તેની વધુ પૂછપરછ, અને મેડીકલ તપાસ અર્થે મોકલી આપી વધુ તપાસ હાથ ધરાશે.

### શ્રી જલારામ સેવા સમિતિ યુવાનો દ્વારા વિકલાંગ મહિલા ને ૧૮૧ અભયમ ની મદદ થી વન સ્ટોપ સેન્ટર પાટણ ખાતે સારવાર અપાવી સફળતા મેળવી.....



તસ્વીર : કમલેશ પટેલ, પાટણ


ટાઈગર ઓફ બનાસ

જલારામ સેવા સમિતિ હારીજ દ્વારા પાટણ ના છેલ્લા ઘણા સમય થી કોલેજ રોડ પર ફરતી બિનવારસી વિકલાંગ મહિલાની જલારામ સેવા સમિતિને જાણ થતાં તથા મહિલાની પરિસ્થિતિ વિકટ જાણતા મહિલાને ૧૮૧મહિલા અભિયમ ટિમ ને જાણ કરી વિકલાંગ મહિલાને વન સ્ટોપ સેન્ટર પાટણ ખાતે મોકલવામાં આવી હતી જ્યાં વન સ્ટોપ સેન્ટર ના સ્ટાફ દ્વારા મહિલાની ખુબજ સરસ ટ્રીટમેન્ટ આપી ૭૦ ટકા રિકવરી લાવવામાં સફળતા મેળવી હતી ત્યારબાદ વિકલાંગ મહિલાનો કોરોના ટેસ્ટ કરાવી રિપોર્ટ નેગેટિવ આવતા સેવાભાવી યુવાનો દ્વારા બિનવારસી વિકલાંગ મહિલાને કાયદેસર તમામ કાર્યવાહી સાથે બાયડ મહિલા આશ્રમ ખાતે મોકલી આપી સેવા કાર્યમાં સહયોગ આપ્યો હતો આ સેવાકીય કાર્યમાં સતત અગ્રેસર એવી જલારામ સેવા સમિતિ હારીજ ના જનકભાઈ ,હિતેશભાઈ, સુધીરભાઈ , શિવ ઠક્કર, દ્વારા અભિયમ પોલીસ તથા વન સ્ટોપ સેન્ટર અને પાટણ બાયડ આશ્રમ નો દિલ થી આભાર વ્યક્ત કર્યો હતો...

**૮૫ બોટલ એકત્ર કરાઇ**



### બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા માસ્કનું વિતરણ



હારિજ : બ્રહ્મ સેવા ટ્રસ્ટ સંચાલિત સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા પાટણથી સાંતલપુર સુધી દરેક ચાર રસ્તા ઉપર પોલીસ પોઈન્ટ પર પોલીસ જવાનોને તેમ જ આમજનતાને માસ્કનું નિ : શુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. સોમવારે અંદાજે 2000 માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. માસ્ક વિતરણ કરવા ગોપાલભાઈ રાઠોડ અને ચેતનાબેન પટેલ ના જણાવ્યા મુજબ કોટન કાપડ માંથી સખીમંડળની બહેનોને એક માસ્કના રૂ.10 ના વેતનથી બનાવીને નિ:શુલ્ક વિતરણ કરી રહ્યા છીએ.

• જીતુ સાધુ

# પાટણનાં એક ગામમાં યુવાને રાજસ્થાની યુવતિને 'ખરીદી'? યુવતિને શહેરમાં કપડાં લેવા માટે લાવ્યો અને...

(હમન્યુસ) પાટણ,

પાટણ શહેરમાં ચતુર્ભૂજ બાગ વિસ્તારમાં એક સ્થળે કપડાં ખરીદી રહેલી એક રાજસ્થાની યુવતિને પાટણની મહિલા અભયમ હેલ્પલાઈન ૧૮૧ નાં કાઉન્સેલર કામીનીબેન અને પોલીસ કોન્સ્ટેબલ હેતલબેને આવીને પોતાની સાથે લઈ ગયા હતા. જ્યારે તેની સાથેનો યુવાન ત્યાંથી નિકળી ગયો હતો. આ યુવતિને અત્યારે પાટણની ધારપુર સિવિલ હોસ્પિટલમાં કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટર ખાતે અત્રેની મહિલા કાર્યકરો અને અધિકારીઓની દેખરેખ નીચે આશ્રય આપવામાં આવ્યો છે. આ યુવતિ પાસેથી તેની માતાનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

**યુવતિએ 'અભયમ'ની ટીમને જાણ કરતાં તે તેને લઇ ગઇ : યુવતિએ કહ્યું મારી મરજી નથી છતાં મને અહીં લવાઇ : રૂા. ૯૦ હજારમાં સોદો થયાની શંકા ?**

આ અંગેની જાણકારી આપતાં અભયમ ૧૮૧નાં કાઉન્સેલર કામીનીબેને જણાવ્યુ કે, પાટણ શહેરમાંથી તેઓને એક મહિલાનો ફોન આવતાં તેઓએ શહેરનાં ચર્તુભુજ બાગ ખાતે જઈને ૨૦ વર્ષની રાજસ્થાની અને હિંદી બોલતી યુવતિને લઈ આવ્યા હતા. તેની પુછપરછ કરતાં તેણે તેની આપવિતી જણાવી હતી.

આ યુવતિએ જણાવેલી હકીકતો મુજબ તે દલાલોની યુવતિઓનાં ખરીદવેચાણની સિસ્ટમનો ભોગ બની હોય તેવું જણાઈ આવતું હતું. જો કે, આ બાબતે હજુ કોઈ સત્તાવાર ફરીયાદ નોંધાઈ નથી. પરંતુ વિગતો એવી છે કે, પાટણ તાલુકાનાં એક ગામનાં એક યુવાનને લગ્ન કરવા હોવાથી તેણે છોકરીઓ લાવી આપતી દલાલ ટોળકીનાં સંપર્કથી રાજસ્થાનની એક છોકરીને ત્યાં જ ફુલહાર કરીને અંદાજે રૂ. ૯૦ હજાર આપીને પાટણ (પાન ૨ ઉપર)

# "સખી" વન સ્ટોપ સેન્ટર

## સફળગાથા-૦૧

## ❖ પ્રસ્તાવના-:

આ વાત એક મહિલાની છે. જેની ઉંમર આશરે ૪૨ વર્ષની છે. જેઓની માનસિક પરિસ્થિતિ સારી જણાતી ન હતી. અને રોડ-રસ્તા પર ભટકતા હતા.તે દરમિયાન પાટણ જલારામ સેવા સમિતી-હારીજના સેવાભાવી સંસ્થાના નજરે પડતા ૧૮૧ અભયમ હેલ્પ લાઈનને સંપર્ક કરવામાં આવેલ. આમ તેમના થકી "સખી" વન સ્ટોપ સેન્ટર,ધારપુર-પાટણમાં સેન્ટર પર આશ્રય આપવામાં આવ્યો.

## ❖ પરિસ્થિતિ :-

અરજદાર સેન્ટર પર આવ્યા ત્યારે તેમની તે સમયે તેની માનસિક પરિસ્થિતિ સારી ન હતી. તેથી શરૂઆતમાં કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને કોરોના રિપોર્ટ તથા જરૂરી માનસિક વિભાગમાં રિપોર્ટ કરાવી માનસિક વિભાગમાં સારવાર શરૂ કરાવવામાં આવી.આમ માનસિક વિભાગમાં તેમની પૂરતી મેડીકલ સારવાર શરૂ સારવાર શરૂ કરવામાં આવી. તથા તેઓ બીજા રાજ્યના હોવાથી તેમની ભાષાથી અજાણ હોવાથી શરૂઆતમાં તેમની માનસિક વિભાગમાં સારવાર શરૂ કરવામાં આવી.

## ❖ "સખી" વન સ્ટોપ સેન્ટર તરફથી મળેલી મદદ :-

અરજદાર સેન્ટર પર આવ્યા ત્યારે બહુ જ ગભરાયેલ હતા આવ્યા તે સમયે તેની માનસિક પરિસ્થિતિ સારી ન હતી.અને રડતા હતાતેથી શરૂ.આતમાં કોરોના તથા જરૂરી મેડીકલ રિપોર્ટ કરાવી માનસિક વિભાગમાં સારવાર શરૂ કરાવવામાં આવી અને સેન્ટરના સ્ટાફ તરફથી આશ્વાસન આપવામાં આવ્યુત્યારબાદ સમયાંતરે કાઉન્સેલિંગ કરતાં તેમની માનસિક પરિસ્થિતિ સારી ના . . પણ કરાવવામાં આવ્યોઅને કોરોનાનો રિપોર્ટ .જણાતા માનસિક વોર્ડમાં દેખરેખ હેઠળ રાખવામાં આવ્યાઆમ કુલ ૧ માસ અને ૩ દિવસ મેડીકલ સારવાર દરમિયાન તેમને ઇલેક્ટ્રીક શોર્ટ અપાવી માનસિક પરિસ્થિતિમાં સુધારો જણાતાં સંપૂર્ણ મેડીકલ સારવાર પૂર્ણ થયા બાદ માનસિક રીતે સ્વસ્થ થતા લાંબા આશ્રય માટે વન સ્ટોપ સેન્ટર અને જલારામ સેવા સમિતીહારીજ-ના સંકલનથી જય અંબે મંદબુધ્ધી મહિલા સમાજ સેવા ટ્રસ્ટ .બાયડમાં મૂકવામાં આવ્યા-

## ❖ વર્તનમાં બદલાવ:-

અરજદાર શરૂઆતમાં આવ્યા ત્યારે તેમની માનસિક પરિસ્થિતિ સારી ના હતી.જેથી માનસિક વોર્ડમાં ધમાલ કરતાં હતા. આમ ૧ મહિનો અને ૩ દિવસ લાંબી સારવાર બાદ પરિસ્થિતિમાં સુધારો જણાતાં લાંબા આશ્રય માટે મંદ બુધ્ધી ટ્રસ્ટમાં મૂકવામાં આવ્યા.

## ❖ પરિણામ:-

૧ મહિનો અને ૩ દિવસ લાંબી સારવાર બાદ પરિસ્થિતિમાં સુધારો જણાતાં લાંબા આશ્રય માટે મંદ બુધ્ધી ટ્રસ્ટમાં મૂકવામાં આવ્યા.



શ્રી જલારામ સેવા સમિતિ યુવાનો દ્વારા વિકલાંગ મહિલા ને ૧૮૧ અભયમ ની મદદ થી વન સ્ટોપ સેન્ટર પાટણ ખાતે સારવાર અપાવી સફળતા મેળવી.....

ટાઈગર ઓફ બનાસ

જલારામ સેવા સમિતિ હારીજ દ્વારા પાટણ ના છેલ્લા ઘણા સમય થી કોલેજ રોડ પર ફરતી બિનવારસી વિકલાંગ મહિલાની જલારામ સેવા સમિતિને જાણ થતાં તથા મહિલાની પરિસ્થિતિ વિકટ જાણતા મહિલાને ૧૮૧મહિલા અભિયમ ટિમ ને જાણ કરી વિકલાંગ મહિલાને વન સ્ટોપ સેન્ટર પાટણ ખાતે મોકલવામાં આવી હતી જ્યાં વન સ્ટોપ સેન્ટર ના સ્ટાફ દ્વારા મહિલાની ખુબજ સરસ ટ્રીટમેન્ટ આપી ૭૦ ટકા રિકવરી લાવવામાં સફળતા મેળવી હતી ત્યારબાદ વિકલાંગ મહિલાનો કોરોના ટેસ્ટ કરાવી રિપોર્ટ નેગેટિવ આવતા સેવાભાવી યુવાનો દ્વારા બિનવારસી વિકલાંગ મહિલાને કાયદેસર તમામ કાર્યવાહી સાથે બાયડ ...

તસ્વીર : કમલેશ પટેલ, પાટણ

... આપી સેવા કાર્યમાં સહયોગ આપ્યો હતો આ સેવાકીય કાર્યમાં સતત અગ્રેસર એવી જલારામ સેવા સમિતિ હારીજ ના જનકભાઈ ,હિતેશભાઈ, સુધીરભાઈ , શિવ ઠક્કર, દ્વારા અભિયમ પોલીસ તથા વન સ્ટોપ સેન્ટર અને પાટણ બાયડ આશ્રમ નો દિલ થી આભાર વ્યક્ત કર્યો ...

૮૫ બોટલ એકત્ર કરાઇ

# સફળગાથા-૦૨

## ❖ પ્રસ્તાવના:-

આ વાત સીતાબેન (નામ બદલેલ છે)ની છે. તેમના જેની ઉંમર આશરે ૩૦ વર્ષની છે. જેઓ તારીખ ૦૧/૦૭/૨૦૨૦ ના રોજ ગોલાપુર પોલીસ સ્ટેશન પાટણ દ્વારા "સખી" વન સ્ટોપ સેન્ટર,ધારપુર-પાટણ પર મદદ માટે આવેલ હતા.અરજદાર બેન આવ્યા ત્યારે તેમની માનસિક પરિસ્થિતિ સારી ના હોવાથી શરૂઆતમાં સેન્ટર પર આશ્રય આપવામાં આવ્યો.

## ❖ પરિસ્થિતિ :-

અરજદાર સેન્ટર પર આવ્યા ત્યારે તેમની માનસિક પરિસ્થિતિ સારી ન હતી. તેથી શરૂઆતમાં આશ્રય આપવામાં આવ્યો. અને ત્યારબાદ કાઉન્સેલિંગ કરતાં તેમની હકીકત જણાવતા અરજદાર તેમના સાસરીમાં સંયુક્ત કુટૂંબમા રહેતા હતા.બેનના પતિના મિત્રના વારંવાર તેમના ઘરે કામેથી આવતા હતા.આ સમય દરમિયાન બેનના પતિને બેન અને તેના મિત્ર વચ્ચે શંકા જતા બેનને તેમના પતિ વારંવાર વહેમ કરી શારીરીક અને માનસિક ત્રાસ આપી અત્યાચાર ગુજારતા હતા.આ અત્યાચારથી કંટાળી અરજદાર બેન તેમના પતિના મિત્ર સાથે ભાગી ગયેલ અને ત્યાંથી ભાગી સામે ચાલી ગોલાપુર પાટણ પોલીસ સ્ટેશન પર હાજર થઇ ગયેલ.આમ ગોલાપુર પોલીસ સ્ટેશન થકી "સખી" વન સ્ટોપ સેન્ટર પર આશ્રય માટે મૂકવામાં આવેલ.

## ❖ "સખી" વન સ્ટોપ સેન્ટર તરફથી મળેલી મદદ :-

અરજદાર સેન્ટર પર આવ્યા ત્યારે સર્વપ્રથમ તેમનો કોરોના )COVID-9) નો ટેસ્ટ કરાવેલ અને બીજી પ્રાથમિક સારવાર અપાવેલ. ત્યારબાદ OSC ના સ્ટાફ દ્વારા તેમની તમામ જીવન જરૂરીયાત વસ્તુઓ ચા),નાસ્તો,કપડાં,ટૂથપેસ્ટ,સાબુ,વગેરેસમયાંત્તરે કાઉન્સેલિંગ દરમિયાન તેમની .પૂરી પાડવામાં આવી (... પરંતુ .હકીકત જણાવતા બેનને તેમની આ ભૂલનો પસ્તાવો થતાં બેન પોતાના સાસરીમાં જવા માટે તૈયાર હતા આ ભૂલના કારણે તેમના પતિ તેમજ પિયરપક્ષના લોકો પણ બેનને સ્વીકારવા માટે બિલકૂલ તૈયાર ન હતાત્યારબાદ સેન્ટર દ્વારા ટેલિફોનિક તેમના પતિ સાથે તેમના તેમના પિયરના લોકો સાથે વારંવાર . આ દરમિયાન તેમન .કાઉન્સેલિંગ કરી બન્ને પક્ષકારોને સેન્ટર જોઇન્ટ મીટીંગ માટે બોલાવવામાં આવેલા પતિ અને બેન તેમના પરિવાર અને બાળકોના ભવિષ્ય જોતા બન્નેનેએ એકબીજાની ભૂલો સ્વીકારી એકબીજા સાથે રહેવા તૈયાર થયેલઆમ જૂની ભૂલો ભૂલી નવેસરથી એક વિખૂટો પડેલા પરિવાર ને સેન્ટર દ્વારા . .મિલાવવામાં આવ્યો

## ❖ વર્તનમાં બદલાવ:-

શરૂઆતમાં અરજદાર આવ્યા ત્યારે બહુ જ ગભરાયેલા હતા.આમ સમયાંતરે કાઉન્સેલિંગ કરતા તેમની ભૂતકાળની ભૂલો સ્વીકારી ભવિષ્યમાં આવી ભૂલ ક્યારેય નહી થાય.આમ પતિ-પત્નીનુ સુખદ સમાધાન કરવામાં આવ્યુ.

## ❖ પરિણામ:-

અરજદારને સેન્ટર પર આવ્યા ત્યારે ૪ દિવસનો આશ્રય આપવામાં આવ્યો. આ આશ્રય દરમિયાન અરજદાર બેનને તેમની ભૂલો સ્વીકરતા એક વિખૂટા પડેલા પરીવારનુ સેન્ટર દ્વારા સુખદ સમાધાન કરવામાં આવ્યુ.

## સફળગાથા-૦૩

## ❖ પ્રસ્તાવના:-

આ વાત કોમલબેન (નામ બદલેલ છે)ની છે. જેમની ઉંમર આશરે ૨૪ વર્ષ છે. જેઓ તારીખ ૦૨/૦૮/૨૦૨૦ ના રોજ ૧૮૧ અભયમ હેલ્પ લાઇન દ્વારા "સખી" વન સ્ટોપ સેન્ટર,ધારપુર-પાટણ પર મદદ માટે આવેલ હતા. બેનના પતિ દારૂની ખરાબ લતે લાગી ગયા હોઈ અને મારઝુડ કરતા હોઈ આ ત્રાસથી કંટાળી સેન્ટર પર આશ્રય આપવામાં આવ્યો.

## ❖ પરિસ્થિતિ :-

બેન સેન્ટર પર આવ્યા ત્યારે તેમની માનસિક પરિસ્થિતિ સારી ન હતી. તેથી શરૂઆતમાં આશ્રય આપવામાં આવ્યો. તે દરમિયાન તેમના કોરોના મહામારીને ધ્યાનમાં તેમનો કોરોના રિપોર્ટ તેમજ અન્ય જરૂરી ગાયનેક તથા બાળક સાથે આવેલ હોઇ તેના પણ મેડીકલ રિપોર્ટ કરાવેલ. ત્યારબાદ કાઉન્સેલિંગ કરતાં તેમની હકીકત જણાવતા તેમના પતિ દારૂની ખરાબ લતે લાગી ગયા હોવાથી અને કોઇ કામ ધંધો પણ કરતા ન હોઇ તેમજ દારૂ પીને મારઝૂડ કરી માનસિક ત્રાસ આપતા હોવાથી અને આ ઝઘડાથી તેમના ઘરના સભ્યો પણ કંટાળી ગયા હોવાથી ૧૮૧ અભયમ હેલ્પ લાઇન દ્વારા "સખી"વન સ્ટોપ સેન્ટર પર મદદ માટે આવ્યા હતા.

## ❖ "સખી" વન સ્ટોપ સેન્ટર તરફથી મળેલી મદદ :-

અરજદાર સેન્ટર પર આવ્યા ત્યારે સર્વપ્રથમ તેમનો કોરોના )COVID-9) નો ટેસ્ટ કરાવેલ અને બીજી મેડીકલ સારવાર અપાવેલવર્ષના બાળક સાથે આવેલ હોવાથી તેનો પણ મેડીકલ સારવાર જતેમજ તેમના . તથા સેન્ટર દ્વારા .કરાવેલતેમની તમામ જીવન જરૂરીયાત વસ્તુઓ ચા),નાસ્તો,કપડાં,ટૂથપેસ્ટ,તેલ, સાબુ,વગેરે સમયાંત્તરે કાઉન્સેલિંગ દરમિયાન.પૂરી પાડવામાં આવી (...તેમની હકીકત જણાવતા તેમના પતિ દારૂની ખરાબ લતે લાગી ગયા છે અને કોઈ કામ ધંધો પણ કરતા ન હોઈ તેમજ દારૂ પીને મારઝૂડ કરી માનસિક ત્રાસ આપતા હોવાથી આ વારંવારના ઝઘડાથી તેમના ઘરના સભ્યો પણ કંટાળી ગયા હતાવાર .ંવાર ઘરના ઝઘડાથી તેમના બાળક પર ખરાબ અસર પડવાથી બાળકના ભવિષ્યને ધ્યાને રાખી ઘર છોડી સેન્ટર પર મદદ માટે આવેલસેન્ટર દ્વારા છ દિવસનો આશ્રય આપ્યા બાદ વધુ આશ્રય માટે પાટણના સ્વધાર ગૃહમાં રીફર . તેમના અને બાળકના ભવિષ્ય માટે નોકરીની જરૂરીયાત જણાવતા સ .કરવામાં આવેલંસ્થા દ્વારા ચાલતા ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, વિસનગરમાં નોકરી એ રાખેલ છેજ્યાં સમયાંતરે ફોલોઅપ લેતા ત્યાં તેમને રહેવા . તથા બાળકને રહેવા,ખાવા,પીવાની સગવડ સારી છેતેવું જણાવતા .અને તે જગ્યા પર નોકરી સારી છે . તથા સેન્ટરના સ્ટાફને નોકરી અપાવવા બદલ આશીર્વાદ આ.હતાપતા હતા. તેમને કાયદાકીય મદદની જરૂરીયાત જણાતા પાટણ મીડીએશન સેન્ટરમાં રીફર કરવામાં આવેલ. જ્યાં પતિ અને પત્ની વચ્ચે કાઉન્સેલિંગ દરમિયાન સમાધાન થતાં પતિ-પત્ની જૂના મતભેદો ભૂલી બાળક માટે સાથે ફરીથી નવી જીંદગી જીવવા તૈયાર થયેલા.

## ❖ વર્તનમાં બદલાવ:-

શરૂઆતમાં બેન આવ્યા ત્યારે તે ખૂબ જ ઘબરાયેલા હતા.તેથી શરૂઆતમાં તેમના મેડીકલ રિપોર્ટ કરાવી આશ્રય આપવામાં આવ્યો. આમ વન સ્ટોપ અને સ્વધારમાં આશ્રય અપાવી તેમને નોકરીની જરૂરીયાત જણાતા

સંસ્થા દ્વારા ચલાતા ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ,વિસનગરમાં નોકરી અપાવેલ. જેથી ત્યાં તેમને રહેવા,ખાવા,પીવાની સગવડ સારી હોવાથી અને એક આવક ચાલુ થઈ હોવાથી તે અને તેના બાળકનું ગુજરાન જાતે જ સંભાળતા થયા.

## ❖ પરિણામ:-

અરજદારને સેન્ટર પર આવ્યા ત્યારે ૦૬ દિવસનો આશ્રય આપવામાં આવ્યો. આ આશ્રય આપ્યા બાદ વધુ આશ્રય જણાતા સ્વધાર ગૃહમાં રીફર કરવામાં આવેલ. જ્યાં સંસ્થાનું એપરલ સેન્ટર ચાલતું હોઈ ત્યાં શરૂઆતમાં શિવણ મશીન તાલીમ માટે મૂકવામાં આવેલ. ત્યારબાદ ત્યાંથી સંસ્થા દ્વારા ચાલતા ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ-વિસનગરમાં એક સારી નોકરી અપાવી તેમનું તેમજ તેના બાળકના ઉજ્જ્વળ ભવિષ્ય માટે નોકરી અપાવવામાં આવેલ. જ્યાં તેમને એક આવકનો સ્ત્રોત ચાલુ થતા તેમનું અને તેમના બાળકનું ગુજરાન જાતે સંભાળતા થયા હોવાથી સંસ્થા તેમજ વન સ્ટોપ સેન્ટરના કર્મચારીઓનો આભાર માનેલો.

સમયાંતરે સેન્ટર દ્વારા કાયદાકિય મદદ અપાવી મીડીયેશન કોર્ટમાં કાયદાકીય કાઉન્સેલિંગ બાદ પતિ-પત્ની બન્ને જૂના મતભેદ ભૂલી બાળક માટે ફરીથી નવી જીંદગી જીવવા તૈયાર થયેલા.

આમ, સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા એક વિખરાયેલ પરિવારને ભેગો કરવામાં આવ્યો તથા રોજીરોટી પણ આપવામાં આવી.

## ❖ મહિલાઓની હિતકારક કલમો અને ગુના સુચિ :-

ઈન્ડીઅન પીનલ કોડમાંથી સ્ત્રીઓને લગતી કલમોની ગુના સૂચિ

| કલમ | ગુનો | વધુમાં વધુ સજા | જામીન પાત્ર છે ? | પોલીસ અધિકારનો છે ? | કઈ કોર્ટમાં સુનાવણી થઈ શકે |
|---|---|---|---|---|---|
| ૧૧૪ | ગુનો બન્યો તે પ્રસંગે હાજરી અને મદદગારી | સજા મૂળ ગુનો બન્યો તે પ્રમાણે | મૂળ ગૂનો હોય તે પ્રમાણે | મૂળ ગૂનો હોય તે પ્રમાણે | જ્યાં મૂળ ગુનાની સુનાવણી થતી હોય ત્યાં |
| ૩૦૨ | ખૂન | જન્મટીપ/મૃત્યુ દંડ | નથી | છે | સેશન્સ |
| ૩૦૪ બી | દહેજ સંબંધિત અપમૃત્યુ | જન્મટીપ/મૃત્યુ દંડ | નથી | છે | સેશન્સ |
| ૩૦૬ | દહેજ/ત્રાસ આપીને આપઘાત કરવા તરફ વાળવું | ૧૦ વર્ષ કેદ | નથી | છે | સેશન્સ |
| ૩૦૭ | ખૂન કરવાનો પ્રયત્ન અને તે દ્વારા ઈજા | ૧૦ વર્ષ કેદ અથવા જન્મટીપ અને દંડ | નથી | છે | સેશન્સ |
| ૩૧૩ | સ્ત્રીની ઈચ્છ વિરૂદ્ધ તેનો ગર્ભપાત | ૧૦ વર્ષ કેદ થી જન્મટીપ | નથી | છે | સેશન્સ |
| ૩૧૪ | ગર્ભપાત કરવાના ઈરાદાથી થયેલ કૃત્યથી મૃત્યુ નિપજાવવું | ૧૦ વર્ષ કેદ અને દંડ | નથી | છે | સેશન્સ |
| ૩૨૩ થી ૩૩૫ | જાણી કરીને વ્યથા કે મહાવ્યથા પહોંચાડવી | ૧ વર્ષ થી ૧૦ વર્ષ કેદ | છે/નથી | છે/નથી | મેજીસ્ટ્રેટ |
| ૩૩૬ થી ૩૩૮ | જાન-સલામતીનો ખતરો ઉભો કરવો | ૩ મહિનાથી ૩ વર્ષ કેદ | છે | છે | મેજીસ્ટ્રેટ |
| ૩૪૨ થી ૩૪૭ | ગેરકાયદે જબરજસ્તી પૂરી રાખવી | ૧ વર્ષ થી ૩ વર્ષ કેદ | છે | છે | મેજીસ્ટ્રેટ |
| ૩૫૨ થી ૩૫૪ | ગંભીર ઉશ્કેરણી વિના શારિરીક હુમલો અને બળનો પ્રયોગ | ૨ વર્ષ કેદ | છે | છે | મેજીસ્ટ્રેટ |
| ૩૫૯ થી ૩૬૩ | સ્ત્રીનું અપહરણ કરવું | ૭ વર્ષ કેદ | છે | છે | મેજીસ્ટ્રેટ |
| ૩૬૬ | સ્ત્રીનું અપહરણ અને જબરજસ્તીથી લગ્ન | ૧૦ વર્ષ કેદ | નથી | છે | મેજીસ્ટ્રેટ |
| ૩૭૨ | વેશ્યાવૃત્તિ માટે સગીરનું ખરીદ વેચાણ | ૧૦ વર્ષ કેદ | નથી | છે | સેશન્સ કોર્ટ |
| ૩૭૫ થી ૩૭૬ | બળાત્કાર (સત્તાધારી વ્યક્તિ દ્વારા પણ) | ૧૦ વર્ષથી જન્મટીપ | નથી | છે | સેશન્સ કોર્ટ |
| ૪૦૩ | કોઈની મિલ્કત પચાવી પાડવી | ૨ વર્ષ કેદ | છે | નથી | મેજીસ્ટ્રેટ |
| ૪૦૬ | કોઈના વિશ્વાસનો દગો આપવો | ૩ વર્ષ કેદ | નથી | છે | મેજીસ્ટ્રેટ |
| ૪૯૩ | છેતરપીંડી કરીને લગ્ન કરી લેવા | ૧૦ વર્ષ કેદ | નથી | નથી | મેજીસ્ટ્રેટ |
| ૪૯૪ | એક પત્નીની હયાતીમાં બીજા લગ્ન | ૭ વર્ષ કેદ | છે | નથી | મેજીસ્ટ્રેટ |
| ૪૯૫ | પહેલા લગ્નની વાત છૂપાવીને બીજા લગ્ન | ૧૦ વર્ષ કેદ | છે | નથી | મેજીસ્ટ્રેટ |
| ૪૯૬ | કપટપૂર્વક કાયદેસર ન ગણાય તેવી લગ્નવિધિ કરી લેવી | ૭ વર્ષ અને દંડ | છે | નથી | મેજીસ્ટ્રેટ |
| ૪૯૭ | પરસ્ત્રી સાથે વ્યભિચાર | ૫ વર્ષ કેદ | છે | નથી | મેજીસ્ટ્રેટ |
| ૪૯૮ | પરણેલી સ્ત્રીને ગુનાહિત ઈરાદાથી ભગાડી જવી કે લઈ જવી કે રોકી રાખવી | ૨ વર્ષ, દંડ અથવા બંને | છે | નથી | મેજીસ્ટ્રેટ |
| ૪૯૮એ | સાસરીયા કે પતિ દ્વારા શારીરિક કે માનસિક ત્રાસ | ૩ વર્ષ કેદ | છે | નથી | મેજીસ્ટ્રેટ |
| ૫૦૬(૧) | ગુનાહિત ધમકી | ૨ વર્ષ કેદ, દંડ અથવા બંને | છે | નથી | મેજીસ્ટ્રેટ |

# "સખી" વન સ્ટોપ સેન્ટર સાથે સંકળાયેલ કચેરીઓ

District Legal Services Authority

જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

GRC AHMEDABAD

જેન્ડર રીસોર્સ સેન્ટર

CALL 181 WOMEN HELPLINE ADVICE • RESCUE • COUNSELING

અભયમ મહિલા હેલ્પ લાઈન

GUJARAT POLICE

ગુજરાત પોલીસ

State Women Commission

મહિલા આયોગ

SWADHAR

સ્વધાર ગૃહ

CHILDLINE CALL-1098

ચાઈલ્ડ હેલ્પ લાઈન

નારી અદાલત